RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT



# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 064
Dt.: 14-11-2025, Friday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

દિલ્હીમાં ધડાકા કરાવનારાઓનો થશે હિસાબ

# ગૃહમંત્રી અમિત શાહે ગુપ્તચર અધિકારીઓ સાથે કરી મીટિંગ

### આ બેઠકમાં આતંકવાદી હુમલાની તપાસની પ્રગતિ અને દેશભરની સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી




(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા કાર બોમ્બ વિસ્ફોટ બાદ ગૃહમંત્રી અમિત શાહે ગુરુવારે સવારે તેમના ખાનગી નિવાસસ્થાને એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી, જેમાં ગુપ્તચર એજન્સીઓ અને ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી. આ બેઠકમાં આતંકવાદી હુમલાની તપાસની પ્રગતિ અને દેશભરની સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં NIAના ડિરેક્ટર જનરલ, ગુપ્તચર બ્યુરો (IB)ના ડિરેક્ટર, ગૃહ સચિવ અને દિલ્હી પોલીસ કમિશનર હાજર રહ્યા હતા. રાષ્ટ્રીય રાજધાની અને અન્ય મુખ્ય શહેરોમાં વર્તમાન સુરક્ષા પરિસ્થિતિની વિગતો રજૂ કરવામાં આવી હતી. શાહે અધિકારીઓને કડક સુરક્ષા પગલાં અમલમાં મૂકવા અને સંવેદનશીલ સ્થળોએ તકેદારી વધારવા નિર્દેશ આપ્યો હતો. ગૃહમંત્રી અમિત શાહનો ગુરુવારે ગુજરાતનો નિર્ધારિત પ્રવાસ રદ કરવામાં આવ્યો છે. ભાજપના અધિકારીઓએ જણાવ્યું હતું કે શાહ અમદાવાદ ફૂડ ફેસ્ટિવલ અને અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫નું ઉદ્ઘાટન કરવાના હતા, પરંતુ હવે તેઓ હાજરી આપશે નહીં. એવું માનવામાં આવે છે કે દિલ્હી બોમ્બ વિસ્ફોટો બાદ ગંભીર સુરક્ષા પરિસ્થિતિને કારણે તેમણે દિલ્હીમાં જ રહેવાનો નિર્ણય લીધો છે. સોમવારે સાંજે લાલ કિલ્લા નજીક કાર બોમ્બ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૧૨ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. ઘટના પછી તરત જ, અમિત શાહે સ્થળની મુલાકાત લીધી હતી અને સુરક્ષા એજન્સીઓને તપાસ ઝડપી બનાવવા નિર્દેશ આપ્યો હતો. શાહે મંગળવારે બે સુરક્ષા સમીક્ષા બેઠકો પણ યોજી હતી.

અલ ફલાહ યુનિવર્સિટી તપાસ એજન્સીઓના રડાર હેઠળ

## દિલ્હી આતંકી હુમલા સાથે જોડાયેલી ચોથી કાર મળી

### બોમ્બ વિસ્ફોટ સાથે જોડાયેલી ચોથી કાર બ્રેઝા શાહીનની માલિકીની અલ ફલાહ યુનિવર્સિટીમાંથી મળી આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટથી આખા શહેરને હચમચાવી ગયું હતું. સરકારે તેને આતંકવાદી કાવતરું ગણાવ્યું છે. તપાસ એજન્સીઓએ વિસ્ફોટ અંગે મહત્વપૂર્ણ ખુલાસાઓ કર્યા છે. આતંકવાદીઓ માત્ર દિલ્હીમાં જ નહીં પરંતુ દેશના વિવિધ શહેરોમાં શ્રેણીબદ્ધ વિસ્ફોટો કરવાની યોજના બનાવી રહ્યા હતા. તપાસમાં બહાર આવ્યું છે કે આઠ આતંકવાદીઓએ ચાર મુખ્ય શહેરોને નિશાન બનાવ્યા હતા. તેમની યોજના બે જૂથોમાં ચાર શહેરોમાં પ્રવેશવાની અને IED વડે વિનાશ કરવાની હતી.

દિલ્હીના લાલ કિલ્લા પર થયેલા આતંકવાદી હુમલા બાદ, ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટી તપાસ એજન્સીઓના રડાર હેઠળ આવી ગઈ છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) પણ આ કેસની તપાસ કરી રહ્યું છે. યુનિવર્સિટીમાંથી શાહીનના નામે નોંધાયેલ ચોથી કાર મળી આવી છે. અગાઉ, ડૉ. મુઝમ્મિલ પાસેથી એક સ્વિફ્ટ કાર મળી આવી હતી. આ કાર પણ ડૉ. શાહીનની હતી. ત્યારબાદ શાહીનની ધરપકડ કરવામાં આવી હતી.

ફરીદાબાદમાં વિસ્ફોટકો મળી આવ્યા બાદ અને દિલ્હી વિસ્ફોટ પછી અલ ફલાહ યુનિવર્સિટી તપાસ એજન્સીઓ માટે એક હોટ સ્પોટ રહી છે. આજે અલ ફલાહ યુનિવર્સિટીની અંદર એક શંકાસ્પદ બ્રેઝા વાહન મળી આવ્યું હતું.

બ્રેઝાનો નોંધણી નંબર HR 87U9988 છે. આ વાહન શાહીન સઈદના નામે નોંધાયેલું છે. વાહન પર સરનામું ફરીદાબાદમાં અલ ફલાહ સ્કૂલ ઓફ મેડિકલ સાયન્સનું છે.

જમ્મુ અને કાશ્મીર પોલીસે શાહીનની કારમાંથી એક AK-47 રાઈફલ, એક પિસ્તોલ અને દારૂગોળો જપ્ત કર્યો હતો. આ જપ્તી લાલ કિલ્લા પર થયેલા આતંકવાદી હુમલા સાથે જોડાયેલી છે. તપાસ એજન્સીઓ આ હુમલા સાથે અલ ફલાહ યુનિવર્સિટીનું જોડાણ નક્કી કરવાનો પ્રયાસ કરી રહી છે. આ દરમિયાન, કેન્દ્રીય તપાસ એજન્સીઓ આ મામલાના તળિયે જવાનો પ્રયાસ કરી રહી છે. EDના ફાઈલિંગથી સ્પષ્ટ થાય છે કે આ કેસ માત્ર આતંકવાદી હુમલા સાથે સંબંધિત નથી, પરંતુ નાણાકીય ગેરરીતિઓની શક્યતા પણ ઉભી કરે છે. તપાસનો વ્યાપ વિસ્તારવામાં આવી રહ્યો છે, અને અલ ફલાહ યુનિવર્સિટી સાથે સંબંધિત દરેક પાસાની બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે.

બાબરી ધ્વંસનો બદલો લેવાનું હતું ષડયંત્ર

## એક કે બે નહીં, પણ ૩૨ કારનો બ્લાસ્ટમાં ઉપયોગ થવાનો હતો

### બ્લાસ્ટ સાથે જોડાયેલી ચોથી કારની પણ માહિતી સામે આવી ગઈ છે, પરંતુ આવી શંકાસ્પદ કારની સંખ્યા ૩૨ થઈ ગઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી કાર બોમ્બ વિસ્ફોટની તપાસ આગળ વધી રહી છે, જેમાં જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓના ભયાનક કાવતરાઓનો ખુલાસો થયો છે. બ્લાસ્ટ સાથે જોડાયેલી ચોથી કારની પણ માહિતી સામે આવી ગઈ છે, પરંતુ આવી શંકાસ્પદ કારની સંખ્યા ૩૨ થઈ ગઈ છે.

દિલ્હી બોમ્બ વિસ્ફોટની તપાસ જેમ જેમ આગળ વધી રહી છે, તેમ તેમ આતંકવાદીઓ દ્વારા વધુને વધુ ખતરનાક કાવતરાઓનો ખુલાસો થઈ રહ્યો છે. અત્યાર સુધી, આ વ્હાઈટ-કોલર આતંકવાદી કેસ સાથે ફક્ત ચાર કાર જ જોડાયેલી હતી. જોકે, હવે એવા અહેવાલો છે કે જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓ કુલ ૩૨ કાર તૈયાર કરી રહ્યા હતા, જેનો ઉપયોગ ૬ ડિસેમ્બરે બાબરી મસ્જિદના લગભગ સાડા ત્રણ દાયકા જૂના ધ્વંસનો બદલો લેવા માટે થવાનો હતો.

દિલ્હીમાં લાલ કિલ્લા વિસ્ફોટોની તપાસ કરનારા તપાસકર્તાઓ પાસેથી મળેલી માહિતીના આધારે જાણવા મળ્યું કે આતંકવાદીઓ વિસ્ફોટકો અને બોમ્બ પરિવહન કરવા અથવા વિસ્ફોટ કરવા માટે ૩૨ કાર તૈયાર કરી રહ્યા હતા. આમાં સોમવારના વિસ્ફોટમાં વપરાયેલી i20 કારનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, એક મારુતિ સુઝુકી બ્રેઝા, એક મારુતિ સ્વિફ્ટ ડિઝાયર અને એક ફોર્ડ ઈકોસ્પોર્ટ કાર પણ મળી આવી છે. આ બધી કારનો ઉપયોગ ૬ ડિસેમ્બરે, અયોધ્યામાં બાબરી મસ્જિદના ધ્વંસની ૩૩મી વર્ષગાંઠના રોજ આતંકવાદી હુમલા કરવા માટે કરવાનો હતો. અહેવાલ મુજબ, હુમલા માટે પસંદ કરાયેલા છ લક્ષ્યો દિલ્હીમાં હતા. અત્યાર સુધી જપ્ત કરાયેલી કારનો ઉપયોગ આતંકવાદીઓ દ્વારા તેમની પ્રવૃત્તિઓને અંજામ આપવા માટે કરવામાં આવતો હતો કારણ કે તે જૂની હતી અને ઘણી વખત હાથ બદલાઈ ચૂકી હતી, જેના કારણે પોલીસ માટે કાવતરાખોરો સુધી પહોંચવું મુશ્કેલ બન્યું હતું.

કાવતરામાં સામેલ ચોથી કાર, મારુતિ સુઝુકી બ્રેઝા (HR87 U 9988), ગુરુવારે ફરીદાબાદના અલ-ફલાહ સ્કૂલ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટરમાંથી મળી આવી, જે "યુનિવર્સિટી ઓફ ટેરર" તરીકે કુખ્યાત છે. બુધવારે સાંજે ફરીદાબાદમાંથી એક ઈકોસ્પોર્ટ (DL10 CK 0458) પણ મળી આવી હતી. હાલની માહિતી અનુસાર, આતંકવાદીઓ તેનો ઉપયોગ વિસ્ફોટકોના પરિવહન માટે કરતા હતા. દરમિયાન, વિસ્ફોટ પહેલા સોમવારે મારુતિ સ્વિફ્ટ ડિઝાયર જપ્ત કરવામાં આવી હતી, જેમાં એક એસોલ્ટ રાઈફલ અને દારૂગોળો મળી આવ્યો હતો.

## દિલ્હી બ્લાસ્ટ બાદ મોટો નિર્ણયઃ હવે વડાપ્રધાન અને અન્ય VVIPની સુરક્ષાની જવાબદારી પણ રો ચીફના શિરે

### IPS અધિકારી પરાગ જૈનને કેબિનેટ સચિવાલયમાં સચિવ (સુરક્ષા)નો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી કાર બ્લાસ્ટ બાદ સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. ૧૨મી નવેમ્બરના રોજ કેન્દ્ર સરકારે આ ઘટનાને લઈને કેબિનેટ બેઠક યુજી હતી. આ બેઠકમાં સુરક્ષા સંબંધિત અનેક નિર્ણયો લેવામાં આવ્યા હતા. જો કે, સૌથી નોંધપાત્ર નિર્ણય ભારતની ગુપ્તચર એજન્સી, રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW)ના ચીફ પરાગ જૈનની નિમણૂકનો હતો. IPS અધિકારી પરાગ જૈનને કેબિનેટ સચિવાલયમાં સચિવ (સુરક્ષા)નો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. દિલ્હીની ઘટના બાદ આ નિમણૂકને મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. પરાગ જૈન ૧૯૮૯ બેચના પંજાબ કેડરના IPS અધિકારી છે. તેમને પહેલી જુલાઈ ૨૦૨૫ના રોજ ઈછઉ ચીફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. પરાગ જૈન પંજાબમાં અનેક આતંકવાદ વિરોધી કામગીરીમાં સામેલ રહ્યા છે. તેમણે ભટિંડા, માનસા અને હોશિયારપુર જેવા સ્થળોએ મહત્ત્વપૂર્ણ ઓપરેશન મુખ્ય ભૂમિકા ભજવી છે. અગાઉ તેમણે ચંદીગઢના SSP અને લુધિયાણા રેન્જના DIG તરીકે સેવા આપી હતી.

ઈન્ટેલિજન્સ વર્તુળોમાં પરાગ જૈનને સુપર જાસૂસ તરીકે ઓળખવામાં આવે છે. તેમને HUMINT (હ્યુમન ઈન્ટેલિજન્સ) અને TECHINT (ટેકનિકલ ઈન્ટેલિજન્સ) બંનેમાં કુશળતા હોવાનું કહેવાય છે.આ ઉપરાંત પરાગ જૈનને કાશ્મીર ક્ષેત્રમાં નોંધપાત્ર અનુભવ છે. RAWના ચીફ બનતા પહેલા તેમણે RAWની અંદર એવિએશન રિસર્ચ સેન્ટર (ARC)નું નેતૃત્ત્વ કર્યું હતું. ARCનું કામ એરિયલ સર્વેલન્સ, ઈમેજરી ઈન્ટેલિજન્સ (IMINT), સરહદ દેખરેખ અને ફોટો રિકોનિસન્સ ફ્લાઈટ્સથી જાસૂસી કરવાનું છે.૧૨મી નવેમ્બરના રોજ જાહેર કરાયેલા એક આદેશમાં IPS પરાગ જૈનને કેબિનેટ સચિવાલયમાં સચિવ (સુરક્ષા) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ સચિવ વડાપ્રધાન અને અન્ય VVIPની સુરક્ષા માટે જવાબદાર છે. ૩૧મી જુલાઈથી આ પદ પર કોઈ નિયમિત નિમણૂક થઈ નથી. કેબિનેટ સચિવાલયમાં સચિવ (સુરક્ષા) સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (SPG)ના વહીવટી વડા છે.

SPG વડાપ્રધાન અને તેમના પરિવારની સુરક્ષા માટે જવાબદાર છે. આ પદમાં વહીવટી નેતૃત્વ, રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત બાબતો પર નીતિગત સંકલન અને દેશભરમાં કાયદા અમલીકરણ એજન્સીઓ અને વિવિધ સુરક્ષા એજન્સીઓ વચ્ચે સંકલન સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે. દેશમાં સ્વસ્થ સુરક્ષા પરિસ્થિતિ જાળવવા માટે વિવિધ સ્તરે કાર્યરત એજન્સીઓ વચ્ચે સંકલનની જરૂર છે. પરાગ જૈન હવે આ સંકલનને મજબૂત બનાવવાની જવાબદારી સંભાળે છે.

દિલ્હીમાં વિસ્ફોટ બાદ કાર્યવાહી

## સમગ્ર કાશ્મીર ઘાટીમાંથી ૧૫૦૦થી વધુની અટકાયત

(સંપૂર્ણ સમાચાર સેવા)શ્રીનગર

દિલ્હીમાં થયેલા વિસ્ફોટ બાદ કાશ્મીર ઘાટીમાં સુરક્ષાદળો દ્વારા તપાસ અભિયાન વધુ આક્રામક બનાવી દેવાયું છે. આ અભિયાનમાં અત્યાર સુધીમાં ૧૫૦૦થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીર પોલીસે કહ્યું છે કે તપાસ ટીમો દ્વારા આશરે ૩૦૦ જેટલા સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ જે સ્થળોએ દરોડા પડાયા તે પ્રતિબંધિત જમાત-એ-ઈસ્લામી સાથે સંકળાયેલા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘાટીના મુખ્ય વિસ્તારો જેમ કે કુલગામ, પુલવામા, શોપિયાં, બારામુલ્લા વગેરેમાં મોટા પાયે તપાસ ટીમો ત્રાટકી હતી, માત્ર કુલગામમાં જ ૨૦૦ જેટલા સ્થળોએ દરોડા પડાયા હતા.

છેલ્લા બેથી ત્રણ દિવસ દરમિયાન ૪૦૦ જેટલા સ્થળે તપાસ કરી લેવાઈ છે. જેમાં ૫૦૦થી વધુ લોકોની પૂછપરછ કરાઈ હતી. જ્યારે શંકા જતા આશરે ૧૫૦૦થી વધુની અટકાયત કરવામાં આવી છે. તપાસ દરમિયાન અનેક શંકાસ્પદ સામગ્રી મળી આવી છે. અલગતવાદીઓ અને કટ્ટરવાદીઓની ઈકો-સિસ્ટમ પર આ એક રીતે સીધો પ્રહાર માનવામાં આવી રહ્યો છે. દિલ્હીમાં વિસ્ફોટ થયો તેની લિંક જમ્મુ કાશ્મીર સાથે જોડાયેલી છે. જેને પગલે જમ્મુ કાશ્મીરમાં સુરક્ષાદળો વધુ એલર્ટ થઈ ગયા છે. આતંકીઓનું પાઈનાન્શિયલ નેટવર્ક, ઓનલાઈન લિંક વગેરેને તોડવા માટે હાલ આ તપાસ અભિયાન ઘણુ જ મહત્વનું માનવામાં આવી રહ્યું છે. સુરક્ષા એજન્સીઓ દ્વારા ગુપ્ત માહિતી અપાઈ હતી જેના આધારે પોલીસ દ્વારા આ તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેની પણ ધરપકડ કરવામાં આવી છે તેના દિલ્હી વિસ્ફોટ સાથે કનેક્શન અંગે પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. કેટલાક આતંકવાદી હોવાની પણ શક્યતાઓ છે. જોકે અટકાયત કરાયી છે તેમની વધુ વિગતો જાહેર કરવામાં નથી આવી.

## પુણેમાં ટ્રકે અનેક વાહનોને ટક્કર મારતા લાગી આગ, ૮ લોકોના દાઝી જતા મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)પુણે,

મહારાષ્ટ્રના પુણેના નવલે બ્રિજ પર ગુરુવારે (૧૩ નવેમ્બર) ભયાનક અકસ્માત સર્જાયો છે. અહીં બે કન્ટેનર ટ્રક અથડાયા બાદ એક ટ્રકમાં ભયાનક આગ લાગી છે. બંને ટ્રક વચ્ચે એક કાર ફસાઈ જતાં તે સંપૂર્ણ બળીને ખાક થઈ ગઈ છે. ટ્રકે કાર, મિનિબસ અને એક બોલેરો ગાડીને પણ ટક્કર મારતા ભારે નુકસાન થયું છે. ફાયર બ્રિગેડ વિભાગના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં આઠ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. સળગતા વાહનોમાં વધુ કેટલાક લોકો ફસાયેલા હોવાની શક્યતા છે. તેથી મૃતકોની સંખ્યા વધી શકે છે.




શંકાસ્પદ ડૉક્યૂમેન્ટ જપ્ત કરાયા

## અલકાયદા આતંકી કાવતરા મામલે ૫ રાજ્યોમાં દરોડા

### NIA દ્વારા અલ કાયદા ગુજરાત કેસ મૂળ જૂન ૨૦૨૩માં વિવિધ કલમો હેઠળ નોંધવામાં આવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ સાથે સંકળાયેલા અલ-કાયદાના આતંકવાદી કાવતરાના કેસમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ બુધવારે પાંચ રાજ્યોમાં ૧૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા. NIA ટીમોએ પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, મેઘાલય, હરિયાણા અને ગુજરાત રાજ્યોમાં શંકાસ્પદ અને તેમના સહયોગીઓના સ્થળોની તપાસ કરી હતી. ઘણા ડિજિટલ ઉપકરણો અને ગુનાહિત દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા, જેની ફોરેન્સિક તપાસ કરવામાં આવશે.

NIA દ્વારા અલ કાયદા ગુજરાત કેસ મૂળ જૂન ૨૦૨૩ માં વિવિધ કલમો હેઠળ નોંધવામાં આવ્યો હતો. NIA ની અત્યાર સુધીની તપાસમાં બહાર આવ્યું છે કે ચાર બાંગ્લાદેશી નાગરિકો (જેમની ઓળખ મોહમ્મદ સોજીબામિયાન, મુન્ના ખાલિદ અંસારી ઉર્ફે મુન્ના ખાન, અઝરુલ ઈસ્લામ ઉર્ફે જહાંગીર ઉર્ફે આકાશ ખાન અને અબ્દુલ લતીફ ઉર્ફે મોમિનુલ અંસારી તરીકે થાય છે) એ નકલી ભારતીય ઓળખ દસ્તાવેજોનો ઉપયોગ કરીને ભારતમાં ઘૂસણખોરી કરી હતી. તેમના પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલ કાયદા સાથે સંબંધો હોવાનું જાણવા મળ્યું છે.

આ વ્યક્તિઓ બાંગ્લાદેશમાં અલ કાયદાના કાર્યકરો માટે ભંડોળ એકત્ર કરવા અને ટ્રાન્સફર કરવામાં અને મુસ્લિમ યુવાનોને સક્રિય રીતે પ્રોત્સાહિત કરવામાં પણ સામેલ હોવાનું જાણવા મળ્યું છે. ૧૦ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ, NIA એ અમદાવાદની NIA સ્પેશિયલ કોર્ટમાં પાંચ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી. ભારત અને સરહદ પાર કાર્યરત આતંકવાદી નેટવર્કની હાજરી, લિંક્સ અને નાણાકીય ચેનલો શોધવાના NIA ના પ્રયાસોના ભાગ રૂપે તપાસ ચાલુ છે. આ જ રીતે, NIA એ મંગળવારે તેલંગાણા રાજ્યમાં ત્રણ અલગ અલગ આતંકવાદી કેસોમાં પ્રતિબંધિત CPI (માઓવાદી) ના ૨૧ કાર્યકરો સામે ચાર્જશીટ દાખલ કરી. હૈદરાબાદ સ્થિત NIA સ્પેશિયલ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, જેમાં ૨૦ ધરપકડ કરાયેલા આરોપીઓ અને એક ભાગેડુ પર વિવિધ કલમો હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. આ વર્ષના મે મહિનામાં, તેલંગાણા પોલીસે મુલુગુ જિલ્લામાં ત્રણ અલગ અલગ સ્થળોએ દરોડા પાડ્યા હતા અને ઘણા માઓવાદી કાર્યકરોની ધરપકડ કરી હતી. તેમની પાસેથી ઓટોમેટિક એસોલ્ટ રાઈફલ્સ, દારૂગોળો, વિસ્ફોટકો, માઓવાદી સાહિત્ય અને અન્ય ગુનાહિત સામગ્રી જપ્ત કરવામાં આવી હતી.

# તંત્રી લેખ......

## સુરક્ષા દળો અને ગુપ્તચર એજન્સીઓની સાથે, જનતાએ પણ સતર્ક રહેવું જોઈએ

જમ્મુ અને કાશ્મીર સિવાય, દેશનો બાકીનો ભાગ છેલ્લા દાયકાથી આતંકવાદી હુમલાઓથી વર્ચ્યુઅલ રીતે મુક્ત રહ્યો છે. જો કે, દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા કાર બોમ્બ વિસ્ફોટે ફરી એકવાર ભૂતકાળની યાદો તાજી કરી દીધી છે, જ્યારે એક કે શ્રેણીબદ્ધ વિસ્ફોટો નિયમિત અંતરાલે દેશને હચમચાવી નાખતા હતા. દેશના બાકીના ભાગમાં કોઈ મોટી આતંકવાદી ઘટનાઓની ગેરહાજરીએ જનતાને ખાતરી આપી હતી કે આતંકવાદીઓ હવે હુમલાઓ કરી શકશે નહીં. જોકે, તાજેતરમાં કાશ્મીર ખીણથી ઉત્તર પ્રદેશના સહારનપુર, હરિયાણાના ફરીદાબાદ, ગુજરાત અને દિલ્હી સુધી વિનાશક સામગ્રી જપ્ત અને શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડથી તેમની ચિંતાઓ ફરી વધી ગઈ છે.એ વાતને અવગણી શકાય નહીં કે છેલ્લા કેટલાક સમયથી દેશના વિવિધ ભાગોમાંથી એક અથવા બીજા આતંકવાદી મોડ્યુલની ધરપકડના સમાચાર આવી રહ્યા છે. તાજેતરમાં, ગુજરાતમાં, હૈદરાબાદના એક ડૉક્ટરને ઘાતક રસાયણો બનાવવા માટે સામગ્રી અને શસ્ત્રો સાથે પકડવામાં આવ્યો હતો. તેના બે સાથીઓ, બંને ઉત્તર પ્રદેશના હતા, તેમની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ વર્ષે એપ્રિલમાં, જ્યારે આતંકવાદીઓએ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૬ લોકોની હત્યા કરી હતી, ત્યારે ભારતે ઓપરેશન સિંદૂર સાથે પ્રતિક્રિયા આપી હતી, જે સરહદ પારના આતંકવાદ માટે અત્યાર સુધીનો સૌથી મોટો ફટકો હતો, જેમાં પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જેવા આતંકવાદી જૂથોના મુખ્ય ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો હતો. તેઓ ચોક્કસપણે ત્યારથી મોટા બદલો લેવાના હુમલાનું કાવતરું ઘડી રહ્યા હશે. લાલ કિલ્લા પર થયેલા વિસ્ફોટની રીત અને અત્યાર સુધી બહાર આવેલી કાવતરાની વાર્તા છ વર્ષ પહેલાં પુલવામામાં થયેલા જેહાદી આતંકવાદી હુમલા સાથે જોડાયેલી કડી સૂચવે છે. તપાસ પછી જ સંપૂર્ણ સત્ય બહાર આવશે, પરંતુ તેની પાછળની ઘટનાઓ એકબીજા સાથે જોડાયેલી લાગે છે. શ્રીનગરમાં જૈશ-એ-મોહમ્મદના સમર્થનમાં પોસ્ટરો લગાવ્યા બાદ, પોલીસે કેટલાક આતંકવાદી સહાનુભૂતિ ધરાવતા અને પથ્થરમારો કરનારાઓની ધરપકડ કરી. તેમણે શંકાસ્પદ પ્રવૃત્તિઓમાં સામેલ એક મૌલવીની ઓળખ કરી. તેની પૂછપરછ કર્યા પછી, અનંતનાગના રહેવાસી ડૉ. આદિલની ઉત્તર પ્રદેશના સહારનપુરથી ધરપકડ કરવામાં આવી. જ્યારે પોલીસે તેમને શ્રીનગર લાવીને પૂછપરછ કરી, ત્યારે અનંતનાગની સરકારી હોસ્પિટલમાં તેમના છુપાયેલા સ્થાન પરથી એક એસોલ્ટ રાઈફલ મળી આવી. વધુ તપાસમાં પુલવામા જિલ્લાના રહેવાસી ડૉ. મુઝમ્મિલ મળી આવ્યા.આ માહિતીના આધારે, પોલીસે ફરીદાબાદના ધૌજમાં અલ ફલાહ મેડિકલ કોલેજ પર દરોડો પાડ્યો અને ૩૬૦ કિલોગ્રામ વિસ્ફોટકો, એક છદ્ર-૪૭ રાઈફલ, ૮૪ કારતૂસ, એક ટાઈમર, જિલેટીન લાકડીઓ અને અન્ય સામગ્રી જપ્ત કરી. ત્યારબાદ તપાસ પોલીસને ફરીદાબાદના ફતેહપુર તાગા ગામ લઈ ગઈ, જ્યાં એક ઘરમાં વિસ્ફોટકોનો ઢગલો જોઈને તેઓ ચોંકી ગયા. ફતેહપુર તાગા ગામ ધૌજથી ચાર કિલોમીટર દૂર છે. ડૉ. મુઝમ્મિલે આ ઘર મૌલાના ઈશ્તિયાક પાસેથી ભાડે લીધું હતું. આશરે ૩,૦૦૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ વિસ્ફોટકોની જપ્તી એ સૌથી મોટી જપ્તીઓમાંની એક છે. આ કેસમાં અત્યાર સુધીમાં ધરપકડ કરાયેલા લોકો ઉચ્ચ શિક્ષિત અને સમૃદ્ધ પરિવારોમાંથી છે. ડૉ. મુઝમ્મિલ એક ચિકિત્સક છે અને ફરીદાબાદની અલ ફલાહ મેડિકલ કોલેજમાં ભણાવે છે. ધરપકડ કરાયેલા કોઈપણ - શોપિયાના મૌલવી ઈરફાન અહેમદ, મકસૂદ અહેમદ ડાર, આરિફ નિસાર ડાર અને શ્રીનગરના યાસીર ઉલ અશરફ અને ગાંદરબલના ઝમીર અહેમદ અહાંગર - ગરીબ, બેરોજગાર કે અભણ નથી. લાલ કિલ્લા વિસ્ફોટમાં માર્યા ગયેલા ડૉ. ઉમર નબી, ફરીદાબાદની અલ ફલાહ મેડિકલ કોલેજમાં એમડી મેડિસિન ડિગ્રી ધરાવતા ડૉક્ટર હતા. ડૉ. આદિલ તેમના સાથી છે. તેમના એક સાથી, ડૉ. શાહીન, લખનૌના છે. તેમની કારમાંથી એક રાઈફલ મળી આવી હતી. ફરીદાબાદ મોડ્યુલમાં ઘણા અન્ય ડૉક્ટરો સામેલ હોઈ શકે છે. તપાસ પછી જ ખબર પડશે કે તેઓએ આ આતંકવાદી મોડ્યુલ કેમ બનાવ્યું.

મુખ્યમંત્રીશ્રીએ કેનવાસ પર સહી કરી ગુજરાતમાં અમદાવાદ શહેર કોમનવેલ્થ ગેમ -૨૦૩૦ માટે તૈયાર છે, તેને ગૌરવ પૂર્ણ ક્ષણ ગણાવી

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ' અને 'ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫નો શુભારંભ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે "અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫" તથા "ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫"ભવ્ય શુભારંભ થયો છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી અને કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાન સહિત ઉપસ્થિત મહાનુભાવોએ સ્વદેશી અપનાવવાના સપથ ગ્રહણ કર્યા હતા.

આ કાર્યક્રમનો પ્રારંભ મુખ્યમંત્રીશ્રી તથા મહાનુભાવો દ્વારા ભારત માતાને પુષ્પાંજલિ અર્પણ કરી અને "નવું ભારત @૧૫૦" ગીતના સ્વરો સાથે થયો હતો. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે "મિશન ફોર મિલિયન ટ્રીઝ" કોફી ટેબલ બુકનું અનાવરણ કરી વિવિધ શૈક્ષણિક અને સાહિત્યિક ઝોન તેમજ નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના સ્ટોલની પણ મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ કેનવાસ પર સહી કરી ગુજરાતમાં અમદાવાદ શહેર કોમનવેલ્થ ગેમ - ૨૦૩૦ માટે તૈયાર છે, તેને ગૌરવ પૂર્ણ ક્ષણ ગણાવી હતી.

આ પ્રસંગે ભારતીય-અમેરિકન લેખક શ્રી જય પટેલે ભારતના લોખંડી પુરુષ અને રાષ્ટ્રીય એકતાના શિલ્પી એવા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે તેમનું પ્રથમ પુસ્તક "બેરિસ્ટર મિસ્ટર પટેલ" પ્રકાશિત કર્યું છે, જેનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક પ્રખ્યાત ફિલ્મ નિર્માતા અને વાર્તાકાર અભિષેક દુધૈયા દ્વારા સહ-લિખિત છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલનો પ્રારંભ કરાવ્યા બાદ તેમણે ઈનોવેશન પેવિલિયન અંતર્ગત રિસાયકલ ગ્રીન સ્ટોલ, IOTA Diagnostic Pvt. Ltd. ના સ્ટોલની, WeHear અને KeenKey LLP જેવા ઉદ્યોગોના સ્ટોલ્સની મુલાકાત લઈ તેમની પ્રશંસા કરી હતી. આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં તૈયાર કરવામાં આવેલા ચિલ્ડ્રન પેવેલિયનની પણ મુલાકાત લીધી હતી.

આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫" અંતર્ગત તૈયાર કરવામાં આવેલા સ્પિરિચ્યુઅલ પેવેલિયન ખાતે સંતો-મહંતોની મુલાકાત લઈ પ્રસાદ ગ્રહણ કરી સ્વાદ અને સંસ્કૃતિના સંગમરૂપે વૈવિધ્યસભર ખાદ્ય પરંપરાને પણ વધાવી હતી. અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ તથા ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫ના પ્રારંભ પ્રસંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્રપ્રધાન, અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, સામાજિક અને ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમન વાજા, રાજ્ય મંત્રી શ્રી દર્શનાબેન વાઘેલા અને મંત્રીશ્રી રિવાબા જાડેજા, રાજ્ય સભાના સાંસદ શ્રી નરહરિ અમીન, અમદાવાદ પશ્ચિમના સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, અમદાવાદ શહેરના સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, પૂર્વ મંત્રીશ્રી રજનીકાંત પટેલ, અગ્રણી શ્રી પ્રેરકભાઈ શાહ, ડેપ્યુટી મેયર શ્રી જતીન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી, શાસક પક્ષના નેતા શ્રી ગૌરાંગ પ્રજાપતિ, દંડક શીતલ ડાંગા, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, ક્રિએશન કલ્ચર એન્ડ હેરિટેજ કમિટીના ચેરમેન શ્રી જયેશ ત્રિવેદી, નેશનલ બુક ટ્રસ્ટ ભારતના અધ્યક્ષ શ્રી પ્રોફેસર મિલિંદ સુધાકર, નેશનલ બુક ભારતના નિયામક શ્રી યુવરાજ મલિક, સાઉથ એશિયન એસોસિએશન ફોર ગેસ્ટ્રોનોમી (S.A.A.G)ના ફાઉન્ડર અને ડિરેક્ટર શ્રી મનીષ બહેટી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ પદાધિકારીઓ મહાનુભાવો, સાહિત્યકારો અને મોટી સંખ્યામાં પુસ્તકપ્રેમીઓ અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ રહ્યા હતા.

અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ અને ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫માં તમામ મુલાકાતીઓ માટે પ્રવેશ નિઃશુલ્ક રહેશે, માત્ર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ લિંક પર https://drive.google.com/file/d/1Z2oWVkkv_Xjkx7N3f6zLt9hrKVpCKUO7/view?usp=drive_link થી અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ અને 'ફૂડ ફોર થોટ ફેસ્ટ અંતર્ગત યોજાનારા વિવિધ સાહિત્યિક - સાંસ્કૃતિક કાર્યક્રમ નિઃશુલ્ક માણી શકાશે.

● અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૫' વિશેઃ

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે હેરિટેજ સિટી અમદાવાદને સાહિત્ય અને પુસ્તક પ્રકાશન ક્ષેત્રે વિશ્વ ફલક પર પહોંચાડવાના ઉદ્દેશ સાથે વાંચે ગુજરાત ૨.૦ અંતર્ગત તારીખ ૧૩ થી ૨૩ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર, પાલડી ખાતે 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ બુક ફેસ્ટિવલમાં વિદ્યાર્થીઓ માટે ઝોન-વાઈઝ તકો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઝોન ૧ – ચિલ્ડ્રન્સ કોર્નર (NCCL પેવેલિયન), જેમાં સવારના સ્લોટ્સ (સવારે ૯ થી ૧૨.૩૦) શાળા જૂથો માટે ખાસ તૈયાર કરાયેલા છે, જેમાં સ્ટોરી ટેલિંગ, પપેટ થિયેટર, મંડલા આર્ટ, બેસ્ટ-આઉટ-ઓફ-વેસ્ટ અને ડાન્સ-ડ્રામા જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. ઝોન ૨ – જ્ઞાન ગંગા, જેમા રોજિંદા લેખન અને ડિઝાઈન સ્ટુડિયો (સવારે ૧૦ થી સાંજે ૫) ગઝલ, કવિતા, ડ્રામા, ફિલ્મ-સ્ક્રિપ્ટ, નિબંધ, બાયોગ્રાફી વર્કશોપ્સ, હેન્ડ્સ-ઓન પ્રવૃત્તિઓ જેમ કે ફેબ્રિક પપેટ, ઝાઈન મેકિંગ, ટેરાકોટા હોર્સ, માતા-ની-પચ્છેડી, ઓઈલ પેઈન્ટિંગ, મેટલ એમ્બોસિંગનો સમાવેશ થાય છે. જ્યારે ઝોન ૩ – સ્કૂલ બોર્ડ શતાબ્દી મહોત્સવ પેવેલિયનમાં ઈન્ટર-સ્કૂલ મેગા કોન્ટેસ્ટના સિટી લેવલના ફાઈનલ રાઉન્ડ (રોજ સવારે ૧૦ થી સાંજે ૭ઃ૩૦) યોજાશે.

મુખ્ય આકર્ષણો અને ઈન્ટર-સ્કૂલ મેગા કોન્ટેસ્ટ્સની વાત કરીએ તો, ૧૩ અને ૧૪ નવેમ્બર ક્વિઝ, ૧૫ નવેમ્બર વાર્તાકથન (Storytelling), ૧૬ નવેમ્બર ફેન્સી ડ્રેસ, ૧૭ નવેમ્બર કિડ્સ પેનલ ડિસ્કશન, ૧૮ નવેમ્બર ઈન્ટર-સ્કૂલ કોન્ટેસ્ટ, ૧૯ નવેમ્બર ઈમ્પ્રમ્પ્ટુ સ્પીચ, ૨૦ નવેમ્બર બુક રીડિંગ કોન્ટેસ્ટ તેમજ ૨૧ નવેમ્બર મસ્તી કી પાઠશાલા મુખ્ય આકર્ષણો રહેશે. આ ઉપરાંત વિજેતાઓને ઈનામો અને ટ્રોફી એનાયત કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ ફેસ્ટિવલમાં નિઃશુલ્ક ચિલ્ડ્રન્સ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રોજ સાંજે ૫.૩૦ થી ૭.૩૦ દરમિયાન અંદાજિત ૪ થી ૭ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મોનું પ્રદર્શન થશે.

અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેના દરરોજ સાંજે ૫.૩૦ વાગ્યાથી સાંસ્કૃતિક કાર્યક્રમોનો મહાકુંભનો પ્રારંભ થશે. કિર્તીદાન ગઢવીનું લોક ઓર્કેસ્ટ્રા, અંકિત ત્રિવેદી સાથે ગુજરાતી કાવ્ય-સંગીત, સંદીપ ક્રિશ્ચિયન ઓર્કેસ્ટ્રા સાથે હિન્દી ફિલ્મ ગીતો પર કાવ્યાત્મક સંગીત પ્રદર્શન, કવિઓ સાથે ગ્રાન્ડ મુશાયરો, તેમજ લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) કેજેએસ ઢીલોન અને આઈપીએસ (નિવૃત્ત) કે વિજયકુમાર સાથે શૌર્ય સંવાદ થશે.

આ ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓને જાણીતા ગુરચરણ દાસ, નિતિન સેઠી, કુલપ્રીત યાદવ જેવા મહાનુભાવોને મળવાનો અવસર મળશે. એઆઈ, ક્રાઈમ જર્નાલિઝમ, ગાંધી-મંડેલા લેગસી પર લાઈવ સેશન યોજાશે. આ ઉપરાંત પ્રકાશકો સાથે સ્થળ પર જ ઈન્ટર્નશિપ અને કન્ટેન્ટ-રાઈટિંગની તકો મળશે.

●ફૂડ ફોર થોટ ફેસ્ટ - ૨૦૨૫ વિશે

વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાઉથ એશિયન એસોસિએશન ફોર ગેસ્ટ્રોનોમી (S.A.A.G) ના સહયોગથી ફરી એક વખત ૧૩ થી ૧૬ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાનો શાકાહારી ફૂડ ફેસ્ટિવલ "ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫" નું આયોજન કરવામાં આવ્યું છે. સાઉથ એશિયાની વૈવિધ્યસભર રસોઈ પરંપરા, સંસ્કૃતિ અને વિચારવિમર્શના સંયોગને ઉજવતો આ ફૂડ ફેસ્ટિવલ ચાર દિવસ સુધી શહેરના નાગરિકો, દેશ-વિદેશના ફૂડ લવર્સ અને ક્યુલિનરી એક્સપર્ટને એક સાથે જોવા મળશે. આ વર્ષે ફેસ્ટિવલનું વિશેષ આકર્ષણ ત્રણ થીમ આધારિત પેવિલિયન રહેશે, જે પોતાના પ્રકારનો એક અનોખો અનુભવ પૂરું પાડશે. TAJ Soulinaire દ્વારા બનાવાયેલ લક્ઝરી પેવિલિયન ફાઈન ડાઈનિંગનું અનુભૂતિપૂર્ણ માહોલ પૂરું પાડશે, જેમાં વિશ્વસ્તરીય શાકાહારી વાનગીઓને સ્થાનિક સ્વાદ સાથે રજૂ કરવામાં આવશે. TAJની અનુભવી ક્યુલિનરી ટીમ દ્વારા તૈયાર કરાયેલ ખાસ મેનૂમાં પરંપરા અને આધુનિકતાનો સુંદર સંગમ જોવા મળશે. લંચ, ડિનર અને હાઈ–ટીની વ્યવસ્થા સાથે આ પેવિલિયન સામાન્ય નાગરિકોને પણ ફાઈન ડાઈનિંગનો વૈભવી અનુભવ આપવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. આ ફેસ્ટિવલનો ધાર્મિક અને આધ્યાત્મિક ભાગ "સ્પિરિચ્યુઅલ પેવિલિયન" હેઠળ પ્રસ્તુત થશે. અહીં પુરી સ્થિત જગન્નાથ મંદિરનો પ્રસિદ્ધ મહાપ્રસાદ મૂળ મંદિરના બ્રાહ્મણ રસોઈયાઓ દ્વારા જ તૈયાર કરીને પીરસવામાં આવશે, જેથી અમદાવાદના મુલાકાતીઓને પુરી જેવી જ પવિત્રતા, પરંપરા અને સ્વાદનો અનુભવ મળી શકે.

આ ફેસ્ટિવલમાં આ વર્ષે પ્રથમ વખત રજૂ થતો "કોફી પેવિલિયન" પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. અહીં કોફીના છોડથી લઈને કાચા બીન્સ, તેમની કાપણી, રોસ્ટિંગ અને બ્રૂઈંગ સુધીની સમગ્ર પ્રોસેસ જીવંત રીતે રજૂ કરવામાં આવશે. અરાબિકા અને રોબસ્ટા વચ્ચેના તફાવતો, તેમની સુગંધ અને સ્વાદ કેવી રીતે બદલાય છે તેની સમજ આપવામાં આવશે. મુલાકાતીઓને ફ્રેશ તૈયાર કરેલી કોફીનો સ્વાદ માણવાની તક સાથે રોસ્ટિંગ અને બ્રૂઈંગ ટેક્નિક્સ અંગે વર્કશોપ્સ પણ યોજાશે.

આ વર્ષે ફેસ્ટિવલમાં અનેક દેશોની આંતરરાષ્ટ્રીય ભાગીદારી રહેશે. નેપાળ, સ્પેન અને નેધરલેન્ડ્સના પ્રતિનિધિઓ ભાગ લેશે. ખાસ કરીને સ્પેનના વલ્લાડોલિડ (જે અમદાવાદનું સિસ્ટર સિટી છે)માંથી મિશેલિન સ્ટાર રેસ્ટોરન્ટના સેલિબ્રિટી શેફ અલ્વાર હિનોજલ ક્રેસ્પો પ્રથમ વખત અમદાવાદમાં પોતાની પ્રસિદ્ધ શાકાહારી વાનગીનું ડેમો પ્રસ્તુત કરશે.

આ ફેસ્ટિવલ દરમિયાન દર સાંજે ૫ઃ૩૦ થી ૮ઃ૦૦ વાગ્યે લાઈવ ડેમો, કુકિંગ સેશન્સ, ચર્ચાઓ, ફૂડ ટાસ્ટિંગ અને કલ્ચરલ પ્રોગ્રામ્સ યોજાશે. તેમાં પ્રસિદ્ધ શેફ રણવીર બ્રાર, સુવીર સરણ, વિક્કી રત્નાની, માસ્ટર શેફ અભિજિત સાહા, લેખિકા રશ્મી ઉદય સિંહ, પદ્મશ્રી ડૉ. પુષ્પેશ પંત તથા અનેક રાજવી અને સંસ્કૃતિ નિષ્ણાતો હાજરી આપશે.

અંબાજી માર્બલ હવે કાયદેસર રીતે સુરક્ષિત અને વૈશ્વિક સ્તરે ઓળખ ધરાવતું ઉત્પાદન

# માર્બલનું માન વધ્યું: બનાસકાંઠાના અંબાજી માર્બલને મળ્યો GI Tag

**અંબાજી માર્બલને મળેલ GI ટેગ શ્રધ્ધાની સાથે કુદરતી સંપત્તિ અને ઔદ્યોગિક ગૌરવનું પ્રતીક બન્યું છે :- કલેક્ટરશ્રી મિહિર પટેલ**

બનાસકાંઠા જિલ્લાના પવિત્ર યાત્રાધામ અને શક્તિપીઠ તરીકે પ્રસિદ્ધ અંબાજી હવે માત્ર ધાર્મિક આસ્થા માટે જ નહીં, પરંતુ તેની ધરતીમાંથી નિકળતા શુદ્ધ સફેદ માર્બલ માટે પણ વિશ્વમાં આગવી ઓળખ મેળવી છે.

અંબાજી વિસ્તારના માર્બલને ભારત સરકારે "ભૌગોલિક સંકેત" (Geographical Indication – GI Tag) તરીકે માન્યતા આપી છે. આથી અંબાજી માર્બલ હવે કાયદેસર રીતે સુરક્ષિત અને વૈશ્વિક સ્તરે ઓળખ ધરાવતું ઉત્પાદન બની ગયું છે. આ ટેગ સાથે અંબાજી માર્બલનું માન વધ્યું છે, અને હવે તે વિશ્વના નકશા પર ગુજરાતની નવી ઓળખ તરીકે ચમકશે.

અંબાજી માર્બલ માટેની આ નોંધણી Ambaji Marbles Quarry and Factory Associationના નામે કરવામાં આવી છે, જેમાં Stone Artisan Park Training Institute (SAPTI), Commissioner of Geology and Mining, અને Collector, Banaskanthaની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલે જણાવ્યું કે, પવિત્ર યાત્રાધામ તરીકે શક્તિપીઠ અંબાજીને વૈશ્વિક ઓળખ મળી છે તેવી જ રીતે અંબાજી માર્બલનું નામ પણ વિશ્વમાં તેજસ્વી રીતે લખાયું છે. હવે અંબાજી શ્રધ્ધાની સાથે કુદરતી સંપત્તિ અને ઔદ્યોગિક ગૌરવનું પ્રતીક પણ બન્યું છે. અંબાજી માર્બલનું માન વધ્યું છે, અને અંબાજીનું નામ વિશ્વના પથ્થર ઉદ્યોગના નકશા પર તેજસ્વી રીતે લખાયું છે. આ સિધ્ધિ બદલ કલેકટરશ્રીએ બનાસ વાસીઓ અને અંબાજી માર્બલ ક્વોરી અને ફેક્ટરી એસોસિએશનને અભિનંદન પાઠવ્યા હતા.

★અંબાજી માર્બલનું વિશેષ મહત્વ

અંબાજી વિસ્તારનો માર્બલ તેની દૂધિયા સફેદ ચમક, ટકાઉપણું અને પ્રાકૃતિક સૌંદર્ય માટે જાણીતા છે. આ માર્બલનો ઉપયોગ અંબાજી મંદિર સહિત અનેક ધાર્મિક સ્થળો, સ્મારકો અને ભવ્ય ઈમારતોમાં થાય છે. તે ગુજરાતની ધરતીની કુદરતી સૌંદર્ય અને પરંપરાગત હસ્ત કૌશલ્યનું પ્રતીક છે.

★જી.આઈ. ટેગ શું છે? કોણ આપે છે?★

ભૌગોલિક સંકેત (GI) એ એવું પ્રમાણપત્ર છે, જે કોઈ ચોક્કસ વિસ્તારના અનન્ય ઉત્પાદને આપવામાં આવે છે, જે તે વિસ્તારની ભૂગોળ, માટી, પરંપરા અથવા કુદરતી લક્ષણો પર આધારિત હોય.

ભારતમાં GI ટેગ ભારત સરકારના ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રોત્સાહન વિભાગ (DPIIT) હેઠળ, ચેન્નાઈ સ્થિત જીઆઈ રજિસ્ટ્રી ઓફિસ દ્વારા આપવામાં આવે છે.

★GI ટેગ મળવાથી થનારા ફાયદા★

● વિશ્વસ્તરીય ઓળખ: "Ambaji Marble" તરીકે વૈશ્વિક બજારમાં અનન્ય બ્રાન્ડ ઈમેજ મળશે.

● નકલી ઉત્પાદનો સામે સુરક્ષા: અન્ય વિસ્તારોના માર્બલને અંબાજી માર્બલ તરીકે વેચી શકાશે નહીં.

● સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહનઃ રોજગાર, ખાણકામ અને ફેક્ટરી ક્ષેત્રે નવી તકો વધશે.

● નિકાસમાં વધારોઃ વિદેશી માર્કેટમાં વિશ્વાસ અને માંગ બંને વધશે.

● પરંપરાગત કૌશલ્યનું જતનઃ સ્થાનિક કલાકારો અને કારીગરોના હસ્તકૌશલ્યને નવી માન્યતા મળશે.

★દિલ્હીમાં બનાસકાંઠાના ભૂસ્તરશાસ્ત્રી ગુરુપ્રીત સિંહને જી.આઈ. ટેગ પ્રમાણપત્ર આપી કરાયા સન્માનિત

ભારત સરકારના ઉદ્યોગ મંત્રાલય દ્વારા આયોજિત કાર્યક્રમ દરમ્યાન કેન્દ્રીય ઉદ્યોગ મંત્રીશ્રી પીયુષ ગોયલના હસ્તે બનાસકાંઠાના ભૂસ્તરશાસ્ત્રી શ્રી ગુરુપ્રીત સિંહને જી.આઈ. (ભૌગોલિક ઓળખ) ટેગનું પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા છે.

બ્લાસ્ટમાં બે મજૂરોના ચીથડાં ઉડ્યા

# બારાબંકીમાં ફટાકડાની ફેક્ટરીમાં જોરદાર બ્લાસ્ટ થયો

### આ ઘટના ટિકેતનગર વિસ્તારના સરાય બરઈ ગામમાં થઈ: જોરદાર ધમાકાના અવાજથી આખું ગામ ધ્રુજી ગયું

(સંપૂર્ણ સમાચાર સેવા)બારાબંકી

દિલ્હી કાર બ્લાસ્ટ બાદ ચારે તરફ ડરનો માહોલ છે. જેવો કોઈ ધમાકાનો અવાજ આવે છે તો લોકોને એવું લાગે છે કે ક્યાંક આતંકી હુમલો તો નથી થયો ને? આ દરમિયાન ઉત્તર પ્રદેશના બારાબંકીમાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. આજે દિવસમાં એક ફટાકડાની ફેક્ટરીમાં જોરદાર ધમાકો થયો હતો. ધમાકો એટલો જોરદાર હતો કે આખા વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. આપને જણાવી દઈએ કે, આ ઘટના ટિકેતનગર વિસ્તારના સરાય બરઈ ગામમાં થઈ છે. અચાનક જોરદાર ધમાકાના અવાજથી આખું ગામ ધ્રુજી ગયું હતું. આ ઘટનામાં બે લોકોના મોત થઈ ગયા છે, જેમના શરીરના ચિથરા ઉડી ગયા હતા. ધમાકો એટલો જોરદાર હતો કે અફરાતફરી મચી ગઈ હતી. ગ્રામીણ લોકોએ તાત્કાલિક પોલીસ અને ફાયર બ્રિગેડની સૂચના આપી. જાણકારી મળતા જ ટિકેતનગર પોલીસ, ફાયર બ્રિગેડની ગાડીઓ અને રાહત દળ ઘટનાસ્થળે પહોંચી ચૂક્યા હતા. તાત્કાલિક ઘાયલ લોકોને હોસ્પિટલે પહોંચાડવામાં આવ્યા. અધિકારીઓનું કહેવું છે કે મરનારા લોકોની સંખ્યા વધવાની સંભાવના છે. કારણ કે કેટલાય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. સ્થાનિક ગ્રામીણો અનુસાર, ધમાકા બાદ પણ છૂટક વિસ્ફોટના અવાજ સંભળાઈ રહ્યા છે.આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, આ ઘટના કોઈ આતિશબાજી સામગ્રી અથવા દોરુગોળાના ભંડાર સાથે જોડાયેલી હોઈ શકે છે. હાલમાં પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. આ બ્લાસ્ટ બાદ લોકોમાં ડરનો માહોલ છે.

સુરત RFO સોનલ સોલંકી પર ફાયરિંગ કેસ

# પતિને પકડવા પોલીસે ૧૦૦૦થી વધુ CCTV ફુટેજ તપાસ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેર ના RFO સોનલ સોલંકી પર ફાયરીંગ કેસના આરોપીને ઝડપવા માટે જોખાથી નાસિક અને સુરતથી સાપુતારા સુધીના ૧૦૦૦ CCTV ચેક કર્યા હતા. પોલીસથી બચવા બંને આરોપીઓ ૨૫૦૦ કિમી સુધી ભાગ્યા હતા. જોકે, આ ઘટનામાં ઈજાગ્રસ્ત RFO સોનસ સોલંકી હજી પણ જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે

સુરત શહેર વન ભવન ખાતે ફરજ બજાવતા RFO સોનલ સોલંકી પોતાના બાળકને કારમાં લઈને સવારે શાળાએ મૂકવા જઈ રહ્યા હતા, તે દરમિયાન કામરેજ તાલુકાના વાવ જોખા રોડ પર અજાણ્યા ઈસમે કાર ઉભી રખાવી નજીકથી કાન અને નાકના વચ્ચે ગોળી ધરબી દઈ ભાગી ગયો હતો. સ્થળ પર દોડી આવેલા સ્થાનિકોએ લોહી લુહાણ બેભાન અવસ્થામાં સોનલ બેનને કામરેજની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તબિયત નાજુક જણાતા સુરત શહેરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓના અલગ અલગ રિપોર્ટ કરાતા ગોળી હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે સુરત જિલ્લા પોલીસ દોડતી થઈ ગઈ હતી. સુરત ગ્રામ્યના એસપી રાજેશ ગઢિયાએ જણાવ્યું કે, પોલીસની તપાસમાં સામે આવ્યું હતું કે સોનલ સોલંકી અને નિકુંજ ગૌસ્વામી વચ્ચે છેલ્લા લાંબા સમયથી કૌટુંબિક વિખવાદ ચાલી રહ્યો છે. એકબીજાએ પોલીસ મથકોમાં ફરિયાદો પણ આપેલી છે. ત્યારે પોલીસે નિકુંજ ગૌસ્વામીનો સંપર્ક કરાતા તેનો સંપર્ક થઈ શક્યો ન હતો અને તે ભૂર્ગભ ઉતર્યો હોવાનું જાણવા મળ્યું હતું. તેમજ સોનલ સોલંકીના પરિવારજનોએ આ ઘટનાને અંજામ નિકુંજ ગૌસ્વામીએ આપ્યો હોવાની શંકા વ્યક્ત કરી હતી. જેથી પોલીસે નિકુંજને ઝડપવા તજવીજ હાથ ધરી હતી. નિકુંજ ગૌસ્વામીને ઝડપવા માટે પોલીસે ૭ જેટલી ટીમો બનાવી હતી અને જોખાથી લઈને નાસિક અને સુરત થી લઈને સાપુતારા સુધીના ૧૦૦૦ થી વધુ સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા.જેમાં નિકુંજ ગૌસ્વામી રાજ્યની બહાર ભાગ્યો હોવાનું સામે આવ્યું હતું. જોકે પોલીસ પકડી લેશે અને બરોબર ટ્રીટમેન્ટ કરશે તેવા ભયથી નિકુંજ ગૌસ્વામી ઘટનાના ૬ દિવસ બાદ સુરતની કઠોર કોર્ટમાં સરેન્ડર કરવા પહોંચ્યો હતો. જોકે કઠોર કોર્ટ અરજી નકારી કાઢતા કોર્ટ પરિસરની બહાર નીકળતા જ પોલીસે નિકુંજને ઉઠાવી લીધો હતો. જોકે ગણતરીની મિનિટોમાં જ સોપારી લેનાર ઈસમ આવતા પોલીસે તેને પણ ઉચકી લીધો હતો. શરૂઆતમાં બન્ને આરોપીઓએ પોલીસને ગોળ ગોળ જવાબ આપ્યો હતો. પોલીસે વ્યવસ્થિત સરભરા કરતા બન્નેએ ગુનો કબૂલ કર્યો હતો અને જણાવ્યું હતું કે કૌટુબિક વિખવાદને લઈને નિકુંજ ગૌસ્વામીએ મિત્ર ઈશ્વર પૂરી માગુપીરી ગૌસ્વામીને સોનલની સોપારી આપી હતી અને ફૂલ પ્રૂફ પ્લાન ઘડી દીધો હતો.

# માંગરોળમાંથી જમ્મુ-કાશ્મીરના બે યુવકોની અટકાયત કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા કાર બ્લાસ્ટ બાદ દેશભરમાં સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે અને સઘન દરોડા પાડી રહી છે. આ જ સંદર્ભમાં ગુજરાતભરમાં પણ સુરક્ષા એજન્સીઓએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ત્યારે જૂનાગઢ સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG) દ્વારા માંગરોળમાંથી બે શંકાસ્પદ કાશ્મીરી યુવકોને ઝડપી પાડવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, જૂનાગઢ SOGને બાતમી મળતાં માંગરોળ શહેરમાં ખાનગી હોસ્પિટલ નજીકથી બે શંકાસ્પદ કાશ્મીરી યુવકોની અટકાયત કરવામાં આવી છે અને તેને પૂછપરછ માટે જૂનાગઢ SOG ખાતે લાવવામાં આવ્યા છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ બંને કાશ્મીરી શખસો માંગરોળ તેમજ આસપાસની મદ્રેસાઓમાંથી ફાળો ઉઘરાવતા હતા. આ બંને શંકાસ્પદ યુવકો જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લાના રહેવાસી છે. એકની ઉંમર ૨૭ વર્ષ અને બીજાની ઉંમર ૨૦ વર્ષ છે. બંને કાશ્મીરી ભાઈઓ ટ્રેન મારફત માંગરોળ પહોંચ્યા હતા અને અહીં એક હોટેલમાં રોકાયા હતા. SOG દ્વારા આ બંને શંકાસ્પદ યુવકોના ગુજરાતમાં આવવાના હેતુ, તેમની પ્રવૃત્તિઓ અને દિલ્હી બ્લાસ્ટ સાથે સંભવિત જોડાણ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

બીજી તરફ, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના નવાબંદરમાં પણ પોલીસે એલર્ટના ભાગરૂપે કાર્યવાહી કરી હતી.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં વણથંભી તેજીઃ સોનાનો વાયદો રૂ.૯૮૪ અને ચાંદીનો વાયદો રૂ.૧૭૭૯ ઊછળ્યો

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૯નો સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૪૫૬૮.૯૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૯૪૫૯૨.૧૩ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૯૩૫૭.૧૭ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૦૩૭૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૩૯૧૭૩.૦૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૪૫૬૮.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૯૪૫૯૨.૧૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૧૦.૯૬ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૧.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ નવેમ્બર વાયદો ૩૦૩૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૭૭૪.૩૫ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૯૩૫૭.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૬૩૪૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૭૭૯૮ અને નીચામાં રૂ.૧૨૬૩૩૭ના મથાળે અથડાઈ, રૂ.૧૨૬૪૬૫ના આગલા બંધ સામે રૂ.૯૮૪ વધી રૂ.૧૨૭૪૪૯ થયો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૧૦ વધી રૂ.૧૦૨૬૮૦ થયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૦૮ વધી રૂ.૧૨૮૫૧ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦૭ વધી રૂ.૧૨૭૩૭૦ થયો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૬૭૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૭૮૭૫ અને નીચામાં રૂ.૧૨૬૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૬૬૦૩ના આગલા બંધ સામે રૂ.૯૮૭ વધી રૂ.૧૨૭૫૯૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૬૩૫૯૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૫૮૧૮ અને નીચામાં રૂ.૧૬૨૮૮૪ના મથાળે અથડાઈ, રૂ.૧૬૨૦૯૧ના આગલા બંધ સામે રૂ.૧૭૭૯ વધી રૂ.૧૬૩૮૭૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૧૭૩ વધી રૂ.૧૬૫૧૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૧૨૭ વધી રૂ.૧૬૫૧૧૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૧૫૪૫.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૩.૦૫ વધી રૂ.૧૦૧૬.૪૫ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર વાયદો ૯૫ પૈસા વધી રૂ.૩૦૬.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧૦ પૈસા ઘટી રૂ.૨૭૩.૭ના સ્તરે પહોંચ્યો હતો. સીસું નવેમ્બર વાયદો ૪૫ પૈસા ઘટી રૂ.૧૮૪.૫૫ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૩૬૬૨.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૦૨૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૦૨૮ અને નીચામાં રૂ.૨૯૫૧ના મથાળે અથડાઈ, રૂ.૧૯ ઘટી રૂ.૩૦૦૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૧૯૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૩૩ અને નીચામાં રૂ.૫૧૫૭ના મથાળે અથડાઈ, રૂ.૫૧૯૮ના આગલા બંધ સામે રૂ.૨૯ વધી રૂ.૫૨૨૭ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૨૯ વધી રૂ.૫૨૨૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૫ ઘટી રૂ.૩૯૬.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો રૂ.૧.૪ ઘટી રૂ.૩૯૬.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૧૪.૧ના ભાવે ખૂલી, રૂ.૧.૧ વધી રૂ.૯૧૩.૮ના સ્તરે પહોંચ્યો હતો. કોટન નવેમ્બર વાયદો રૂ.૧૫૦ વધી રૂ.૨૫૧૩૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૪૮૦ના ભાવે ખૂલી, રૂ.૨૩ વધી રૂ.૨૫૫૯ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૯૨૯૬.૮૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૦૦૬૦.૩૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૧૦૬૯.૫૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૧૦.૬૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૯.૨૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૩૫.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૦.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૧૦૫૩.૨૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૫૯૮.૭૯ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૨.૭૭ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૦.૩૮ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૯૪ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૬૭૧૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૭૭૯૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૧૩૯૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૦૫૪૯૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૮૨૪૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૩૪૩૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૭૭૩૪ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૩૦૭૦૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૦૨૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૨૫૮૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૦૭૧૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ નવેમ્બર વાયદો ૩૦૩૭૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૦૫૪૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૦૩૩૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૨૮ પોઈન્ટ વધી ૩૦૩૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૭ વધી રૂ.૯૮.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬૫ ઘટી રૂ.૧૪.૬ના ભાવે બોલાયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૬.૫ વધી રૂ.૬૧૫ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૧૩.૫ વધી રૂ.૪૯૦૦ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨ વધી રૂ.૧૦.૩૯ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૪ પૈસા વધી રૂ.૭.૭ થયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની નવેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪.૪ વધી રૂ.૧૦૦.૮ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪૫ ઘટી રૂ.૧૪.૯૫ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૧૨૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧૧ વધી રૂ.૨૮૬૧.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની નવેમ્બર રૂ.૧૭૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૪૮ વધી રૂ.૮૧૯ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૦.૮ ઘટી રૂ.૬૪.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૫ પૈસા વધી રૂ.૧૮.૩ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૮.૫ વધી રૂ.૯૪૧.૫ના ભાવે બોલાયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૯ પૈસા ઘટી રૂ.૪.૯૮ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૧૭.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭.૮૨ વધી રૂ.૨૦ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની નવેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯.૪ ઘટી રૂ.૬૬.૦૫ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૦ પૈસા ઘટી રૂ.૧૮.૧૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૧૨૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧૧.૫ ઘટી રૂ.૨૪૮૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની નવેમ્બર રૂ.૧૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૯૪.૫ ઘટી રૂ.૪૧૭૬ના ભાવે બોલાયો હતો.

# ગુજરાતમાં ૧૫ વરસથી ઉપરના ૧૬ ટકા પુરુષો અને ૧૪ ટકા મહિલાઓને ડાયાબીટીસઃ સરવે માં આવ્યો ખુલાસો

પ્રતિનિધિ,ગાંધીનગર

આરોગ્ય અને પરીવાર કલ્યાણ મંત્રાલયના નેશનલ ફેમીલી હેલ્થ સરવે (એનએફએચએસ)-૫ રીપોર્ટ મુજબ ગુજરાતમાં ૧૫ વરસથી ઉપરના ૧૬ ટકા પુરુષો અને ૧૪.૮ ટકા મહિલાઓમાં બ્લડ સુગરનુ સ્તર ઉંચુ અથવા ખુબ જ ઉંચુ છે. આ રીપોર્ટ દર્શાવે છે કે પુરુષો અને મહિલાઓ બંનેમાં ગ્રામીણ વિસ્તારોની તુલનામાં શહેરી વિસ્તારોમાં ડાયાબીટીસનુ પ્રમાણ વધુ છે.

એપોલો હોસ્પીટલ અમદાવાદ ખાતેના એન્ડોક્રીનોલોજીસ્ટ ડો. રમેશ ગોયલે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ચિંતાજનક બાબત એ છે કે ડાયાબીટીસની સમસ્યા ધરાવતા લગભગ ૭૦ ટકા લોકોને અનિયંત્રિત બ્લડ સુગર હોય છે જેનુ મુખ્ય કારણ વિશેષ કરીને હૃદય સંબંધીત બિમારીઓ સહિતના નોન-કમ્યુનિકેબલ બિમારીઓનુ વધતુ ભારણ છે. ડો.ગોયલે જણાવ્યુ હતુ કે દેશમાં ડાયાબીટીસ ધરાવતા લગભગ ૭૦ ટકા લોકોમાં બ્લડ સુગરનુ સ્તર યોગ્ય રીતે નિયંત્રિત થતુ નથી. જેના કારણે હૃદય રોગ, સ્ટ્રોક, કીડની બિમારી, આંખોની સમસ્યા અને ચેતાતંત્રને નુકશાન થવા જેવી લાંબા ગાળાની સમસ્યાઓનુ જોખમ વધી જાય છે. જયારે યુવાનોમાં ડાયાબીટીસની સમસ્યા સર્જાય ત્યારે તે તેમના પરીવાર અને સમાજ બંને માટે ગંભીર ચિંતાનો વિષય બની જાય છે. તેના કારણે યુવાનો તેમની કારર્કિદી અને આકાંક્ષાઓ ઉપર ધ્યાન આપી શકતા નથી. આરોગ્ય સંબંધીત સમસ્યાઓને કારણે તેમના જીવનની ગુણવત્તા અને માનસિક સુખાકારી પ્રભાવિત થાય છે. તેમણે ઉમેર્યુ હતુ કે છેલ્લા બે દાયકામાં ડાયાબીટીસના શરૂઆતી લક્ષણોમાં નોધપાત્ર વધારો જોવા મળ્યો છે. તથા નિદાનની સરેરાશ ઉમર ૪૦ થી ઘટીને ૩૦ વરસ થઈ છે. બેઠાડુ જીવનશૈલી, પ્રોફેશનલ સ્ટ્રેસ, અપુરતી ઉંઘ, વારંવાર ફાસ્ટફુડ નુ સેવન અને ઓછી શારીરિક પ્રવૃત્તિ તેના માટે કારણભુત છે. કામના ભારણ, અનિયમિત દિનચર્યા અને આહારની ખોટી આદતો ડાયાબીટીસનુ જોખમ વધારે છે. ૫ વરસ માટે પણ અનિયંત્રિત ડાયાબીટીસ હૃદય રોગ, સ્ટ્રોક અને કીડની સંબંધીત સમસ્યાઓના જોખમમાં વધારો કરે છે. ડો. ગોયલે ભાર મુકયો હતો કે સમયસર નિદાન અને જીવનશૈલીમાં સામાન્ય બદલાવથી ડાયાબીટીસને રોકી શકાય છે. અથવા તેને અસરકારક રીતે મેનેજ કરી શકાય છે, નિયમિત કસરત, સંતુલીત પોષણ, ૭ થી ૮ કલાકની પુરતી ઉંઘ, વજનની યોગ્ય ચકાસણી અને હેલ્થ ચેકઅપ, બ્લડ સુગરને મેનેજ કરવામાં અને લાંબા ગાળાની સમસ્યાઓને રોકવામાં ઉપયોગી બની રહે છે. ડો. ગોયલના કહેવા મુજબ ડાયાબીટીસ સામેની લડાઈ જાગૃકતા અને શિસ્તથી શરૂ થાય છે. જીવનશૈલીમાં નાના પરંતુ સતત બદલાવથી લોકો ડાયાબીટીસની સમસ્યાને રોકી શકે છે. તેમજ તંદુરસ્ત અને વધુ કાર્યક્ષમ જીવન વિતાવી શકે છે. ડાયાબીટીસનુ મેનેજમેન્ટ દવાઓ સુધી સિમિત નથી પરંતુ અર્થસભર જીવન અને સ્વાસ્થ્યની જવાબદારી લેવા વિશે પણ છે.

## માતાએ નવજાત શિશુનો મૃતદેહ કચરાના ઢગલામાં ત્યજી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોંડલ

ગોંડલ શહેરમાં માનવતાને શર્મસાર કરતી એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેને ઘોર કળિયુગનું ઉદાહરણ કહી શકાય. શહેરના સ્મશાન રોડ પર આવેલા પુલના ખૂણામાં કચરાના ઢગલામાંથી એક નવજાત શિશુનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બુધવારે કચરો વીણતા એક યુવાનની નજર કચરાના ઢગલામાં પડેલી એક પ્લાસ્ટિકની થેલી પર પડી હતી. શંકા જતાં તેણે થેલી ખોલીને જોયું, તો તેમાં એક નવજાત શિશુનો મૃતદેહ હતો. આ દ્રશ્ય જોઈને યુવાન સ્તબ્ધ થઈ ગયો હતો અને તેણે તાત્કાલિક આસપાસના લોકોને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલા શિશુના મૃતદેહનો કબજો લઈ તેને તાત્કાલિક પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

હોસ્પિટલના તબીબો દ્વારા મૃતદેહની પ્રાથમિક તપાસ કરવામાં આવતા જાણવા મળ્યું હતું કે, આ આશરે સાત માસનો અધૂરા માસે જન્મેલો ગર્ભ (ભ્રૂણ) છે. એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે, કોઈ કળિયુગી માતાએ અધૂરા માસે જન્મેલા આ બાળકનાં મૃતદેહને છુપાવવાના ઈરાદે તેને પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરી કચરાના ઢગલામાં ફેંકી દીધો હતો. આ ઘૃણાસ્પદ કૃત્યથી સમગ્ર વિસ્તારમાં ફિટકાર વરસી રહ્યો છે. હાલ પોલીસે આ મામલે ગુનો નોંધી આ દયાવિહીન અને નિષ્ઠુર માતા-પિતાની ઓળખ મેળવવા માટે સઘન શોધખોળ હાથ ધરી છે.

### ભારત પર્વઃ રંગો, રસો અને રિવાજોનો ઉત્સવઃ

## સ્ટુડિયો કિચનની સ્વાદયાત્રાઃ લાઈવ સ્ટુડિયો કિચનમાં દરેક વાનગીઓનો સ્વાદ કહે 'ટેસ્ટ ઓફ ઈન્ડિયા!'

### ભારત પર્વ—૨૦૨૫ઃ એકતા નગરમાં સ્વાદ, સંસ્કૃતિ અને સંગમની પ્રસરી સુગંધ

(ખાસ લેખઃ મહેશ કથિરીયા)



ભારત એ વિવિધ સંસ્કૃતિ, ધર્મો, પરંપરાઓ, વ્યંજનો અને માન્યતાઓની ઓળખ ધરાવતો વિશાળ દેશ છે. વિશ્વભરમાં ખાનપાનની વાતનો ડંકો વાગે ત્યારે ભારતનું નામ સૌ પ્રથમ હરોળમાં લેવાતું હોય છે. કારણ કે ભારતના દરેક રાજ્યની પરંપરાંગતથી લઈ સ્ટ્રીટફૂડના ભોજનની યાદી પોતપોતાની વિશેષતાઓ સાથે એક અલગ ઓળખ ધરાવે છે. ત્યારે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે પ્રથમવાર યોજાયેલા ભારત પર્વ—૨૦૨૫ એ ભારતની સાંસ્કૃતિક વૈવિધ્યતાને એક જ આંગણે એકત્ર કરી અદભૂત સંકલન સર્જ્યું છે. દેશના દરેક ખૂણેથી આવેલા કલાકારો, શિલ્પકારો, રસોઈયાઓ અને દર્શકો માટે આ પર્વ એક જીવંત ઉજવણી બની રહ્યો છે.

આ વર્ષે ભારત પર્વની ઉજવણી પહેલી વાર દિલ્હીના લાલ કિલ્લાની બહાર ગુજરાતની ધરતી પર, એકતા નગર ખાતે થઈ રહી છે. રાજપીપળાના વતની હર્નિષા હિમાશું રાવે જણાવ્યું કે, નરેન્દ્ર મોદીના વિઝનને લઈને ગુજરાતમાં ભારત પર્વની ઉજવણી થવી એ ગૌરવની બાબત છે. અહીં દરેક પ્રાંતની વાનગીઓ, નૃત્યો, લોકકળા, હસ્તકલા અને શિલ્પકલા બધું એક જ સ્થળે જોવા-માણવા મળ્યું એ એક જીવંત ભારતની ઝલક છે.

ભારત પર્વમાં 'સ્ટુડિયો કિચન' વિશેષ આકર્ષણ બન્યું છે. અહીં દરરોજ દેશના વિવિધ પ્રાંતોના માસ્ટરચેફ્સ પોતાની પ્રાંતની ખાણીપીણીની વિશિષ્ટ વાનગીઓ રજૂ કરે છે. ગુજરાતના ફાફડા-જલેબી, ઢોકળા અને હાંડવોના સુગંધ વચ્ચે દક્ષિણ ભારતના ઈડલી-દોસા, ઉત્તર ભારતના છોલે-ભટુરે અને કાશ્મીરના રોગનજોશ જેવી લાજવાબ વાનગીઓ સ્વાદપ્રેમીઓને આકર્ષે છે એમ હર્નિષા એ ઉમેર્યું હતું.

પર્યટક હર્નિષા કહે છે કે, અહીં દરેક વાનગી સ્વાદિષ્ટ હોવા સાથે પૌષ્ટિક પણ છે. સાઉથ અને નોર્થના ફ્યુઝનથી બનેલી કેટલીક વાનગીઓ તો ખૂબ જ અનોખી લાગી. ખાણીપીણીમાં આ પ્રકારનો સંમન્વય આજે સ્વસ્થ ભારતની દિશામાં એક નવો પ્રયાસ લાગે છે. અહીં દરેક વાનગી પાછળ એક વાર્તા છે, પ્રદેશની ધરતીની સુગંધ, લોકોની સંસ્કૃતિ અને તેમની પરંપરાનો અહેસાસ કરાવે છે. લાઈવ કિચનમાં વાનગીઓ તૈયાર થતી જોવું એ પોતે જ એક કલાત્મક અનુભવ છે. એકતાનગર ખાતે ભારત પર્વમાં લોકકલા, નૃત્ય અને સંગીતના તાલથી ગુંજી ઉઠ્યો છે. રાજસ્થાનની કઠપુતળી કળા, પંજાબના ભાંગડા, ગુજરાતનો ગરબા અને દક્ષિણ ભારતનું ભરતનાટ્યમ સૌએ પોતાની સંસ્કૃતિનો અહેસાસ કરાવ્યો હતો. વિવિધતામાં એકતાનું જીવંત દ્રશ્ય ભારત પર્વમાં અહીં જોવા મળ્યું છે.

વધુમાં તેમણે કહ્યું કે, પ્રદર્શની સ્ટોલોમાં દેશભરની હસ્તકળા, વસ્ત્રો, શિલ્પો અને હેન્ડમેડ પ્રોડક્ટ્સે સૌનું ધ્યાન ખેંચ્યું છે. રાજસ્થાનના મીરરવર્કથી લઈને ઉત્તરપૂર્વના બાંસના હસ્તઉદ્યોગો અને કાશ્મીરી પાશ્મીનાની સુંદરતાએ ભારતની સમૃદ્ધ પરંપરાને ઉજાગર કરી છે. હર્નિષાએ ઉમેર્યું હતું કે, સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે ભારત પર્વનો અનુભવ એ શબ્દોમાં વર્ણવી ન શકાય તેવો રહ્યો છે. આ ભારત પર્વ ઉત્સવ ભારતીય એકતાનું પ્રતિક બન્યું છે. અહીં દરેક પ્રાંત, ભાષા અને સ્વાદ એક થઈને ભારતની આત્માને જીવંત કરે છે. ભારત પર્વના આ સ્ટુડિયો કિચનમાં ભલે પ્રાંત અને વાનગીઓ અલગ હોય પરંતુ સ્વાદનો ભાવ એક છે 'ભારતીય' એમ તેમણે કહ્યું હતું. એકતા નગર ખાતે આયોજિત ભારત પર્વએ સ્વાદ, સંગીત, સંસ્કૃતિ અને સમૃદ્ધ પરંપરાનો અનોખો મેળો છે જ્યાં ભારત પોતે પોતાના રંગમાં ઝૂમે છે.

### પ્રાકૃતિક કૃષિ અન્વયે કરવામાં આવતી કામગીરીની રાજ્ય સ્તરીય સમીક્ષા બેઠકમાં વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા

# પ્રાકૃતિક કૃષિ એ માનવ જીવનમાં સકારાત્મક બદલાવ લાવનારી કૃષિ સંસ્કૃતિ સમાન છેઃ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

### પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા પરિણામલક્ષી પ્રયાસોને વધુ પ્રોત્સાહન આપવા પર ભાર મુક્તા કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી

રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ સંદર્ભે થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરવા ગાંધીનગરમાં રાજભવન ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યના કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.



રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ એ માનવ જીવનમાં સકારાત્મક બદલાવ લાવનારી કૃષિ સંસ્કૃતિ સમાન છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનના પ્રોત્સાહક પરિણામો ખેડૂતો અને લોકોની સમક્ષ આવી રહ્યા છે અને ગુજરાત તેનું નેતૃત્વ કરી રહ્યુ છે. પ્રાકૃતિક કૃષિને લગતા વિવિધ આયામો પર રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ઝીણવટ પૂર્વક સંશોધનો થઈ રહ્યા છે, જેના અત્યાર સુધીમાં આવેલા તારણોએ સાબિત કર્યુ છે કે, પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદનમાં ઘટાડો થતો નથી. તેમજ જમીન અને પર્યાવરણની ગુણવત્તામાં સુધારો થાય છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, ગ્રામ્ય સ્તરે પ્રાકૃતિક કૃષિનો ફેલાવો થાય અને વધુને વધુ ખેડૂતો તાલીમ લઈ અને પ્રાકૃતિક કૃષિ તરફ વળે તેવા પ્રયાસોને રાજ્ય સરકાર પ્રોત્સાહન આપી રહી છે. જેના પરિણામ સ્વરૂપે પ્રાકૃતિક કૃષિ પેદાશોનું વેચાણ પણ વધી રહ્યુ છે. જો કે તેના માટે ગ્રાહકોનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે પ્રાકૃતિક કૃષિના ખેત પેદાશોના યોગ્ય સર્ટિફિકેશનની વ્યવસ્થા ગોઠવવા પણ રાજ્યપાલશ્રીએ સૂચન કર્યું હતું.

પ્રાકૃતિક કૃષિના આધારસ્તંભ સમાન દેશી ગાયોની સંખ્યામાં વધારો કરવા અને તેમની નસલમાં સુધારો કરવા માટે રાજ્યપાલશ્રીએ સૂચનો આપ્યા હતા. તેમણે રાજ્યભરમાં સેક્સડ સોર્ટેડ સિમેન સરળતાથી મળી રહે તે અંગે યોગ્ય વ્યવસ્થા કરવા સૂચવ્યું હતું. આ ઉપરાંત સ્થાનિક સ્તરે સોશિયલ મીડિયા, અખબારો, ખેડૂતોની સાફલ્ય ગાથા અને પ્રગતિશીલ ખેડૂતોના ખેતરોનું પ્રત્યક્ષ નિદર્શન દ્વારા પ્રચાર-પ્રસાર વધારવા પર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ રાજયમાં પ્રાકૃતિક કૃષિના વિકાસ અંગે ખેડૂત હિતલક્ષી માર્ગદર્શન આપી તેનો વ્યાપ વધારવા પરિણામલક્ષી પ્રયાસોને વધુ પ્રોત્સાહન આપવા પર ભાર મુક્યો હતો. કૃષિ મંત્રીશ્રીએ પ્રાકૃતિક કૃષિ સાથે વધુને વધુ ખેડૂતો જોડાય તે માટે નવી બાબતો અને પ્રયોગોને અપનાવવા જણાવ્યું હતુ. તેમજ કૃષિ વિભાગ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ, સહાયકારી યોજનાઓ, તાલીમ, સંશોધન અને શિક્ષણ અંગે થતી કામગીરીની સમીક્ષા કરી ઉચ્ચ અધિકારીશ્રીઓને જરૂરી સુચનો આપ્યા હતા. આ બેઠકમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી ડૉ.અંજુ શર્મા, રાજભવનના અગ્ર સચિવશ્રી અશોક શર્મા, કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આત્મા, પશુપાલન વિભાગ અને કૃષિ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, ઉપસ્થિત રહ્યા હતા.

# પીએમ મોદી દેવ મોગરા ધામની મુલાકાત લેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નર્મદા

સાતપુડાની ગિરિમાળામાં આવેલા પ્રખ્યાત યાહા મોગી માતા દેવમોગરા ધામના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર્શન કરશે. દેવમોગરા ધામ ખાતે આદિજાતિ સમાજના કુળદેવી પાંડોરી માતા બિરાજમાન છે.

નર્મદા જિલ્લાનો સૌથી મોટો મેળો કણી-કંસરી અહીં યોજાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫ નવેમ્બરે નર્મદા જિલ્લામાં જનજાતિય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીમાં સામેલ થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આ વર્ષે ગુજરાત સહિત દેશભરમાં આદિજાતિ સમાજના જનનાયક ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી થઈ રહી છે. આદિજાતિ સમુદાયના પરાક્રમ, બલિદાન અને સાંસ્કૃતિક વારસાને જન-જન સુધી પહોંચાડવા માટે વડાપ્રધાને ૧૫ નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો હતો.

આ વર્ષે જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી વડાપ્રધાનની અધ્યક્ષતામાં ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લાના ડેડિયાપાડા ખાતે થશે. નર્મદા જિલ્લાની મુલાકાત દરમ્યાન વડાપ્રધાનશ્રી પ્રસિદ્ધ યાહા મોગી દેવમોગરા ધામ ખાતે માતાજીના દર્શન કરશે. સાતપુડાની ગિરિમાળામાં આવેલું પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે મનમોહક આ ધામ આદિજાતિ સમાજના લોકોની આસ્થા શ્રદ્ધાનું કેન્દ્ર છે, જેનો મહિમા અનેરો છે. સાતપુડાની ગિરિમાળાની વચ્ચે આવેલું પૌરાણિક મંદિર દેવમોગરા ધામ-નેપાળના પશુપતિનાથ જેવું બહારથી દેખાય છે.

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ખાતે આદિજાતિઓના કુળદેવી પાંડોરી માતા (યાહમોગી)નું મંદિર આવેલું છે.

સાતપુડાની ગીરીકંદરાઓમાં પ્રકૃતિના ખોળે વસેલા આ ધામમાં સ્વયંભૂ યાહા પાંડોરી દેવમોગરા માતા આદિ-અનાદિ કાળથી સ્વયં કણી-કંસરી બિરાજમાન છે. અહીં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનનાં આદિજાતિ સમુદાયના લોકો યાહામોગી પાંડોરીની કુળદેવી તરીકે અપાર શ્રદ્ધા-આસ્થા અને ભક્તિ સાથે પૂજા અર્ચના કરે છે. આ પવિત્ર હેલાદાબની આદિ-અનાદિ કાળથી ખૂબ અનેરો મહિમા રહ્યો છે.

પાત્રતા ધરાવતા તમામ નાગરીકોનો સમાવેશ થાય તે સુનિશ્ચિત કરવા ગ્રામજનોને બીએલઓને ફોર્મ પરત જમા કરાવવા અનુરોધ કર્યો

## જિલ્લા ચુંટણી અધિકારી લલીત નારાયણ સિંઘ સાંદુ એ અરજણપુરા ગામની મુલાકાત લીધી : મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંગે માર્ગદર્શન આપ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર લલીત નારાયણ સિંઘ સાંદુ એ ગઈ કાલે હિંમતનગર -૨૭ વિધાનસભા મત વિભાગના અરજણપુરા ગામની મુલાકાત લઈને ગ્રામજનોને મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંગે વિગતવાર માહિતીગાર કર્યા હતા.

આ કાર્યક્રમ અંતર્ગત પાત્રતા ધરાવતા કોઈ નાગરીક બાકાત ન રહે અને પાત્રતા ન હોય તેવા કોઈ વ્યકિતનો સમાવેશ ન થાય તે માટે મરણ પામેલ, કાયમી સ્થળાંતર થયેલ અને બે જગ્યાએ નોંધાયેલ હોય તેવા મતદારોના નામો કમી કરવાના થાય છે. આ માટે ગ્રામજનોને બુથ લેવલ ઓફીસર (બીએલઓ) દ્વારા આપવામાં આવેલ ઈન્યુમરેશન ફોર્મમાં સાચી માહિતી ભરપાઈ કરીને આ ફોર્મ બીએલઓને પરત જમા કરાવવા માટે માર્ગદર્શન આપ્યુ હતું. વધુમાં ગ્રામજનો ૨૦૦૨ ની મતદાર યાદીમાં પોતાના નામો બીએલઓને આપવામાં આવેલ યાદીમાંથી તેમજ **voters.eci.gov.in** ઉપરથી ઓનલાઈન સર્ચ કરી શકે છે, તેની માહિતી પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત આગામી તારીખ ૧૫,૧૬, ૨૨ અને ૨૩ નવેમ્બર ૨૦૨૫ ના રોજ તમામ વિસ્તારના બીએલઓ મતદાન મથકે સવારના ૯ થી બપોરના ૧ વાગ્યા સુધી હાજર રહેશે અને મતદારોના મેપીંગ / લીકીંગ કરવામાં ઈન્યુમરેશન ફોર્મ ભરવામાં તથા ૨૦૦૨ ની મતદાર યાદીમાં નામ શોધી આપવામાં મદદરૂપ થશે એ બાબતે પણ જાણકારી આપવામાં આવી હતી.

આ મુલાકાત દરમિયાન જિલ્લા ચુંટણી અધિકારીએ જરૂર પડે ગામલોકોને ઈન્યુમરેશન ફોર્મ ભરવા અને તેમના ૨૦૦૨ ની મતદાર યાદીના નામો શોધી આપવામાં મદદ કરવા માટે બીએલઓને સ્પષ્ટ સુચનાઓ આપી હતી. સાથે સાથે બીએલઓને ગ્રામજનો તરફથી ભરપાઈ કરેલા ઈન્યુમરેશન ફોર્મ પરત મળ્યા બાદ ફોર્મનુ ડીઝીટલાઈઝેશન કરવા પણ સુચના આપવામાં આવી હતી.



## ગુજરાતમાં આજથી પાક નુકશાનીના રાહત પેકેજ માટે ઓનલાઈન અરજી પોર્ટલ કરવાની કાર્યવાહી શરૂ

પાક નુકશાનીના રાહત પેકેજનો લાભ લેવા તા.૧૪ નવે.થી ૧૫ દિવસ સુધી ઓનલાઈન અરજી પોર્ટલ કાર્યરત થશે



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજયમાં તાજેતરના અસાધારણ કમોસમી વરસાદને પરીણામે ખેડુતોના ઉભા પાકને થયેલા વ્યાપક નુકશાન સામે સંપૂર્ણ સંવેદનાથી પડખે ઉભા રહીને ઐતિહાસિક રાહત સહાય પેકેજ જાહેર કરેલુ છે. આ ઐતિહાસિક અને ઉદારત્તમ રાહત સહાય પેકેજ અંતર્ગત ૯૮૧૫ કરોડ રૂપીયા ધરતીપુત્રોને થયેલા નુકશાનની સહાય પેટે ફાળવવામાં આવ્યા છે.

કૃષિમંત્રી જીતુ વાઘાણીએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજય સરકારના કૃષિ વિભાગે જાહેર કરેલા રાહત પેકેજ ઠરાવની જાહેરાત કરતા કહ્યુ હતુ કે આ પેકેજનો લાભ મેળવવા માટે આજે તારીખ ૧૪ નવેમ્બર શુક્રવારે બપોરે ૧૨ કલાક થી ૧૫ દિવસ સુધી ઓનલાઈન પોર્ટલ કાર્યરત કરાશે. આ કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા માટે ખેડુતોએ કૃષિ રાહત પેકેજ **KRP PORTAL LINK: https://krp.gujarat.gov.in** પર ગ્રામ પંચાયતના વીસીઈ / વીએલઈ મારફત ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેમણે વધુમાં ઉમેર્યુ કે ઠરાવ મુજબના સાધનીક કાગળો સાથે નિયમ અનુસાર પાત્રતા ધરાવતા ખેડુતો દ્વારા વીસીઈ / વીએલઈ મારફત અરજી કરવાની રહેશે. ખેડુતોએ ઓનલાઈન અરજી કરવા માટે કોઈ ચુકવણુ કરવાનુ રહેશે નહી, આ પેકેજ અંતર્ગત ખેડુતોને સહાય **PFMS/RTGS** મારફત ડીબીટી પધ્ધતિથી લાભાર્થીના બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવશે. આ માટે ૧૬૫૦૦ થી વધુ ગામોનુ ઓનલાઈન અરજી માટે પોર્ટલ સાથે મેપીંગ કરવામાં આવશે.

કૃષિમંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે નિયમ અનુસાર પાત્રતા ધરાવતી અરજીઓ જેમ જેમ આવતી જશે તેમ તેમ તેની ચકાસણી બાદ તાત્કાલીક સહાય ચુકાવણા માટેની કાર્યવાહી કરવામાં આવશે. જરૂર જણાયે પોર્ટલ પર અરજી કરવાના સમય મર્યાદામાં વધારો કરવા પણ રાજય સરકાર સકારાત્મક અભિગમ ધરાવે છે.

હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પ્રાંતિજ સહિતના તાલુકાઓમાં પદયાત્રા નીકળશે

# સાબરકાંઠા જિલ્લામાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી થશે




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં ગુજરાત પ્રદેશ ભાજપના માર્ગદર્શન હેઠળ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત તારીખ ૧૭ થી ૨૧ નવેમ્બર દરમિયાન ૪ તાલુકાઓમાં યુનિટી માર્ચનુ આયોજન કરાયુ છે, ત્યારે આ પદયાત્રા થકી શહેરી અને ગ્રામ્યવિસ્તારમાં રહેતા અનેક નાગરીકોને તેનો લાભ લેવા માટે પદયાત્રામાં જોડાવવા સાબરકાંઠા સાંસદે અપીલ કરી છે.

આ અંગે સાબરકાંઠા- અરવલ્લી સાંસદે આજે હિંમતનગર ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે સમગ્ર ગુજરાતમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીનુ આયોજન કરાયુ છે. ત્યારે તેના ભાગરૂપે જિલ્લાના ઈડરમાં તારીખ ૧૭ નવેમ્બર કોલેજમાં યુનિટી માર્ચ યોજાશે. તે જ પ્રમાણે ખેડબ્રહ્મામાં તારીખ ૧૮ નવેમ્બરના રોજ સરદાર ચોકથી નીકળી આ પદયાત્રા રબારી વિસ્તારોમાં જશે, સાથોસાથ તારીખ ૧૯ નવેમ્બરે સરદાર વલ્લભભાઈ પટેલ જયંતિની ઉજવણી અંતર્ગત પ્રાંતિજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ લવારી ગામેથી નીકળી ઘડી ગામે જશે, ત્યારબાદ તારીખ ૨૦ અથવા ૨૧ નવેમ્બર ના રોજ હિંમતનગર ના ટાવર ચોકથી પદયાત્રાનો પ્રારંભ થશે, ત્યારબાદ આંબેડકર સર્કલ, બસસ્ટેન્ડ, મોતીપુરાના ગાંધીચોક, જીઆઈડીસી, પીપલોદી અને બોરીયા ખાતે યાત્રાનુ સ્વાગત કરાયા બાદ સાબરડેરીમાં તેની પુર્ણાહુતી થશે.

વધુમાં જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે જણાવ્યુ હતુ કે સમગ્ર ગુજરાતમાં ૧૮૨ વિધાનસભા બેઠકમાં પદયાત્રા યોજાવવાની છે ત્યારે જિલ્લામાં પણ તારીખ ૧૭ મી થી ૨૧ મી સુધી આ પદયાત્રા યોજાશે. સરદાર પટેલ એ સમગ્ર ભારતના નેતા છે, પાણી માટે યુદ્ધ થવાના હતા ત્યારે સરદાર પટેલ સાહેબે નર્મદા નદી પર ડેમ બાંધીને સમગ્ર ગુજરાતને પીવાના પાણી પહોચાડવાની યોજના બનાવી હતી. ભારતના વડાપ્રધાન એ નર્મદા ડેમની ઉંચાઈ વધારી કચ્છના છેવાડાના ગામ સુધી કેનાલ મારફતે નર્મદાનુ પાણી પહોચાડી ગુજરાતને નંબર-૧ બનાવ્યુ છે. સમગ્ર જિલ્લાના નાગરીકો તેમજ નવયુવાનો સરદાર પટેલના વ્યકિતત્વ વિશે જાણકારી મેળવી શકે અને તે માટે આ પદયાત્રામાં નાત જાતના ભેદભાવ વગર સૌ કોઈ જોડાવવાના છે,

## અંકલેશ્વરમાં આમ આદમી પાર્ટી દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો: કાર્યક્રમમાં ભાજપ-કોંગ્રેસના નેતાઓ આમ આદમી પાર્ટીમાં જોડાયા



પ્રતિનિધિ,ગાંધીનગર

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર શહેરના સનત રાણા હોલ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાત જોડો જનસભા અંતર્ગત સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધારાસભ્ય ચૈતર વસાવાની હાજરીમાં કોંગ્રેસ ભાજપના નેતાઓ આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. અંકલેશ્વર શહેરના સનત રાણા હોલ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાત જોડો જનસભા અંતર્ગત સ્નેહ મિલનનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા સાથે ભરૂચ, અંકલેશ્વર સહિતના વિસ્તારોમાંથી આમ આદમી પાર્ટીના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ અંકલેશ્વર શહેરમાં નગરપાલિકાની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા અને ભાજપ સરકાર પર તેઓએ શાબ્દીક પ્રહારો કર્યા હતા. તેમજ ભાજપ કોંગ્રેસના નેતાઓ આમ આદમી પાર્ટીમાં જોડાયા હોવાનુ પણ તેઓએ જણાવ્યુ હતુ અને આવનાર નગરપાલિકાની ચુંટણીમાં આમ આદમી પાર્ટી પુરી તાકાત સાથે ચુંટણીમાં ઝંપલાવવા માટેની તૈયારી તેઓએ દર્શાવી હતી.

કોંગ્રેસમાંથી પૂર્વ ધારાસભ્ય રઘુ દેસાઈએ આપ્યુ રાજીનામું : નેતાઓએ મનાવવા માટે કર્યા ધમપછાડા

## સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જીતવા કોંગ્રેસ એડી ચોટીનુ જોર લગાડી રહી છે ત્યારે કોંગ્રેસમાં એક ઝટકો લાગ્યો છે



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી સમયમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી પુર્વે અનેક નેતાઓ દ્વારા પક્ષમાં નારાજગી દર્શાવાઈ રહી છે. જેમાં રાધનપુરના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય રઘુ દેસાઈએ ઉત્તર ગુજરાતમાં પક્ષની આક્રોશ રેલી સમયે જ કોંગ્રેસમાંથી રાજીનામુ આપી દેતા પક્ષના અનેક નેતાઓ દોડતા થયા છે અને રઘુ દેસાઈને મનાવવાના પ્રયાસો શરૂ કર્યા છે.

રઘુ દેસાઈએ ૨૦૧૯ માં કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાનાર કદાવર ઠાકોર નેતા અલ્પેશ ઠાકોરને પેટા ચુંટણીમાં રાધનપુર બેઠક પર પરાજીત કરી જબરો અપસેટ સર્જયો હતો અને તેમાં કોંગ્રેસના ટોચના નેતાઓની હરોળમાં આવી ગયા હતા. જો કે ૨૦૨૨ માં તેઓ પરાજીત થયા હતા. તેઓએ કોંગ્રેસની રેલીમાં જોડાવવાનો ઈન્કાર કર્યો હતો અને પક્ષમાં ભાજપમાંથી આવેલા નેતાઓને મહત્વ આપતુ હોવાનો આક્ષેપ કર્યો હતો અને રાજીનામુ ધરી દેતા હવે પક્ષના અનેક નેતાઓ તેમને મનાવવાના પ્રયાસમાં લાગી ગયા છે. માનવામાં આવે છે કે રઘુ દેસાઈ આમ આદમી પાર્ટીમાં જોડાઈ શકે છે.

## ગુજરાત સરકાર સ્થિર છે છતાં સોશીયલ મીડીયામાં સરકાર વિરોધી સુર કેમ ગુંજી રહ્યો છે ?





પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ભાજપની સરકાર લાંબા સમયથી સ્થિર છે અને મોટા ભાગની ચુંટણીઓમાં પણ ભાજપનો સ્પષ્ટ બહુમત જળવાઈ રહ્યો છે પરંતુ સોશીયલ મીડીયા પર સરકાર વિરોધી વાતાવરણનુ વેગ વધતુ જોવા મળે છે, આનુ મુખ્ય કારણ સરકારની નીતિઓ અને વ્યવહારો વચ્ચેનુ અંતર છે, જેના કારણે વિવિધ વર્ગોમાં અસંતોષ ફેલાયો છે, સોશીયલ મીડીયા જેવા પ્લેટફોર્મસ પર આ અસંતોષને વાયરલ થવાની સુલભતા જોવા મળે છે, જયાં લોકો પોતાની વેદનાઓ ઝડપથી વ્યકત કરી શકે છે,

તાજેતરમાં ખેડુતોની મુશ્કેલીઓ અને કમોસમી વરસાદને કારણે થયેલુ નુકશાન સંદર્ભ ચર્ચા હોય તો, કમોસમી વરસાદથી ગુજરાતમાં મગફળી, કપાસ અને અન્ય પાકોને ભારે નુકશાન થયુ છે, અમરેલી, ભાવનગર, બનાસકાંઠા અને ગીર સોમનાથ જેવા જિલ્લાઓમાં ખેડુતોએ પાકના પાથરા સળગાવીને અને ઢોલ વગાડીને વિરોધ કર્યો છે. સરકારના ડીઝીટલ સર્વેને લઈને પણ આક્ષેપો છે કારણ કે ખેડુતોને લાગે છે કે તેમની સમસ્યાઓનુ યોગ્ય મુલ્યાંકન નથી થતુ આ વિષયમાં સોશીયલ મીડીયા પર આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના નેતાઓ જેમ કે ગોપાલ ઈટાલીયા અને પ્રતાપ દુધાતે આને સર્કસ કહીને ટીકા કરી છે. જે વાયરલ થઈ છે, ખેડુતોના આક્રોશભર્યા વિડીયો (જેમ કે થાળી વગાડવા અને ટ્રેકટર રેલી ) હજારો વ્યુઝ મેળવી રહ્યા છે. ગુજરાત સરકારે ૧૦ હજાર કરોડનો પેકેજ જાહેર કર્યુ પણ એના સંદર્ભે પણ સોશીયલ મીડીયામાં સંતુલીત માહોલ બન્યો નથી, કર્મચારીઓ અને આંદોલનો સંદર્ભે જોઈએ તો ગાંધીનગર સચિવાલયમાં ૧૪૦૦ થી વધુ નાયબ સેકશન અધિકારીઓ (ડીવાયએસઓ) એ પગાર અને પદોન્નતી ના મુદ્દે સરકાર સામે આંદોલનની ચેતવણી આપી છે, તેમને ૨૦૨૧ થી ૨૦૨૩ સુધીમાં પગાર વધારો મળે છે પરંતુ જવાબદારીમાં કોઈ ફેરફાર નથી. જેને અન્યાય તરીકે જોવા મળે છે. આ અંગે ૨૦૨૧ થી વારંવાર રજુઆતો કરવામાં આવી છે પરંતુ સરકાર તરફથી કોઈ જવાબ નથી મળ્યો.

રેશનીંગના દુકાનદારો હડતાળ પર ઉતર્યા જેમાં સરકારી બેઠકોમાં કોઈ નિરાકરણ નથી થયુ આવા મુદ્દાઓ સોશીયલ મીડીયા પર વ્યાપક ચર્ચામાં છે, જેમાં કર્મચારીઓ પોતાની લાગણીઓ શેર કરીને સરકારની ટીકા કરે છે, ભ્રષ્ટાચાર, કાયદો વ્યવસ્થા અને અન્યાયના આક્ષેપો પર ગંભીરતાથી ચર્ચા છે, સોશીયલ મીડીયા પર આમ આદમી પાર્ટીના નેતાઓ જેમ કે ગોપાલ ઈટાલીયા અને ચૈતર વસાવા ભ્રષ્ટાચાર, દારૂબંધીની નિષ્ફળતા, દુષ્કર્મ કેસો અને પોલીસના દુરુપયોગના મુદ્દા ઉઠાવે છે. ઉદાહરણ તરીકે અમરેલીમાં એક કેસમાં પાયલબેનનુ સરઘસ કાઢવામાં આવ્યુ હતુ જેને સરકારના વિરોધીઓએ અન્યાય કહ્યુ, હુડા (હિંમતનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી) વિરૂધ્ધ ૧૧ ગામના હજારો ખેડુતોનો મહાસંમેલન થયુ જયાં જમીન અને વિકાસના મુદ્દે મહિલાઓએ તીવ્ર આક્રોશ વ્યકત કર્યો હતો. સોશીયલ મીડીયા પર વાયરલ થયા, જેમાં સરકારને ગુલામી અને તાનાશાહી કહેવામાં આવ્યુ હતું. યુવાનો અને વિદ્યાર્થીઓ પોલીસ ભરતી અને શિક્ષક ભરતીમાં અન્યાય વિરૂધ્ધ લાઠીચાર્જનો ભોગ બને છે. જેને લોકશાહીનો અંત કહીને ટ્રોલ કરવામાં આવે છે.

હવે સોશીયલ મીડીયાની ભુમિકા અને વિપક્ષી રણનીતી સમજવારૂપ છે, સોશીયલ મીડીયા પર વિરોધી પક્ષો (આમ આદમી પાર્ટી -કોંગ્રેસ) આ મુદ્દાઓને જનસત્યાગ્રહ અને કિસાન મહાપંચાયત જેવા હેસટેગ્સ થી અસંતોષ ને વધારે છે. તો બીજી તરફ કેટલાક યુઝર્સ ગુજરાતના વિકાસની પ્રશંસા કરે છે અને વિરોધીઓને મફતખોર કહે છે પરંતુ આવી પોસ્ટ ઓછી વાયરલ થાય છે, સરકારની સ્થિરતા છતાં આ વિરોધી સુર નુ કારણ મુળભુત સમસ્યાઓ જેમ કે આર્થિક અસ્થિરતા, અન્યાય અને અવગણના છે, સોશીયલ મીડીયા આને વધુ ચર્ચાસ્પદ બનાવે છે, કારણ કે તે લોકોને જોડે છે અને લાગણીઓ વ્યકત કરવાનુ સ્વતંત્ર માધ્યમ આપે છે. જો ગુજરાત સરકાર આ મુદ્દાઓ પર સચોટ પરીણાત્મક કાર્યવાહી કરે તો આ વાતાવરણ શાંત થઈ શકે નહીતર આ અસંતોષ આગળની ચુંટણીઓમાં પડકારરૂપ બની શકે છે.

## સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક પેથાપુર ગામે મકાનમાં થયો ભેદી બ્લાસ્ટ : મકાનના બારીના કાચ પણ તુટયા : એક વ્યકિત ઈજાગ્રસ્ત



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક આવેલા પેથાપુર ગામમાં આજે ગુરૂવારે સવારે ૯ વાગ્યાની આસપાસ એક ગંભીર ભયાવહ દુર્ઘટના ઘટી હતી. ગામના અનીલ પટેલ નામના વ્યકિતના રહેણાંક મકાનમાં અચાનક એક પ્રચંડ વિસ્ફોટ થયો હતો. જેની તીવ્રતા એટલી હતી કે આજુબાજુના અન્ય મકાનોમાં પણ ધ્રુજી ઉઠયા હતા.

આ અચાનક થયેલા બ્લાસ્ટના પગલે મકાનના એક ભાગને ભારે નુકશાન થયુ હતું. દુર્ઘટના સમયે મકાનમાં હાજર અનીલ પટેલને શરીરના જુદા જુદા ભાગો પર ગંભીર ઈજાઓ પહોચી હતી. તાત્કાલીક સ્થાનિક ગ્રામજનોની મદદથી તેમને વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. સદભાગ્યે કોઈ મોટી જાનહાની ટળી જવા પામી હતી.

પોલીસના પ્રાથમિક અનુમાનમાં આ બ્લાસ્ટ મકાનમાં રહેલા ઘરેલુ ગેસ સીલીન્ડરના લીકેજ હોવાને કારણે હોઈ શકે છે, બ્લાસ્ટની જાણ થતાં જ આજુબાજુના લોકો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા આ અણધારી અને શંકાસ્પદ ઘટનાથી સ્થાનિક લોકોમાં ભારે રોષ અને ભય ફેલાઈ ગયો હતો. ગ્રામજનોએ બ્લાસ્ટના મુળ સુધી પહોચવા માટે પોલીસ તંત્ર પાસે ઝડપી અને નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી દેવામાં આવ્યો હતો. પોલીસના પ્રાથમિક અનુમાનમાં આ બ્લાસ્ટનુ કારણ ઘરેલુ ગેસ સીલીન્ડરનુ લીકેજ હોવાનુ હોઈ શકે છે. જો કે વિસ્ફોટની તીવ્રતા જોતા માત્ર સીલીન્ડર જ કારણભુત છે કે અન્ય કોઈ પરીબળ તેની ચકાસણી કરવા માટે એફએસએલ (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) ની વિશેષ ટીમને પણ બોલાવી લેવામાં આવી હતી. એફએસએલની ટીમે બ્લાસ્ટ સ્થળે થી જુદા જુદા સેમ્પલો લઈને વૈજ્ઞાનિક ઢબે તપાસ શરૂ કરી છે. પોલીસ અને એફએસએલ બંને અલગ અલગ દિશામાં તપાસનો દોર શરૂ કરીને સત્ય સુધી પહોચવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આ ઘટનાએ નાનકડા એવા પેથાપુર ગામમાં ભયનો માહોલ સર્જયો છે. સરકારી શાળાઓ અને આંગણવાડી કેન્દ્રોમાં પણ ઘરેલુ ગેસની બોટલોનો ઉપયોગ થતો હોવાથી લોકોમાં ગેસ સીલીન્ડર ની સુરક્ષા વિશે ગંભીર સવાલો ઉભા થયા છે.

## નવરંગપુરાના બંગલામાં ચોરી કરનાર ગેંગનો પર્દાફાશ: ઝાડ કાપવાના બહાને ચોરી

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ

અમદાવાદમાં દિવસેને દિવસે વધી રહેલા ચોરીના બનાવો વચ્ચે અમદાવાદ પોલીસે એક મોટી સફળતા મેળવી છે. ઝોન-૧ લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને નવરંગપુરા પોલીસની સર્વેલન્સ ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ઝાડ કાપવાના બહાને ઘરોની રેકી કરી ચોરી કરતી ગેંગના ત્રણ સભ્યોને દબોચી લીધા છે. પકડાયેલા આરોપીઓમાં એક સગીરનો પણ સમાવેશ થાય છે. આ ગેંગે નવરંગપુરાના એક બંગલામાંથી રૂ.૧૧ લાખથી વધુની કિંમતના સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આ ઘટના ૨૪ ઓક્ટોબરના રોજ નવરંગપુરા વિસ્તારમાં આવેલી કમલા સોસાયટી ખાતે બની હતી. ફરિયાદીના બંગલામાં સવારે ૧૦ થી સાંજના ૪.૩૦ વાગ્યાની વચ્ચે જ્યારે પરિવાર બહાર હતો, ત્યારે આરોપીઓએ છતનો લાકડાનો દરવાજો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને તિજોરીમાંથી દાગીના અને રોકડ રકમ લઈ ફરાર થઈ ગયા હતા. આ મામલે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા **LCB** અને નવરંગપુરા પોલીસે અલગ-અલગ ટીમો તપાસ બનાવી તપાસ શરૂ કરવામાં આવી હતી.

પોલીસ ટીમોએ ઘટનાસ્થળની આસપાસના લગભગ ૨૦૦ જેટલા **CCTV** કેમેરાના ફૂટેજ ઝીણવટપૂર્વક તપાસ્યા હતા. આ ફૂટેજમાં ઘટનાના સમય દરમિયાન બંગલાની નજીક કેટલાક શંકાસ્પદ ચહેરાઓ કેમેરામાં કેદ થયા હતા.

ટેકનિકલ લીડ્સ અને સ્થાનિક બાતમીદારોની મદદથી, પોલીસે આરોપીઓને પીરાણા ક્રોસરોડ પાસેના ગણેશનગર વિસ્તારમાંથી પકડી પાડ્યા હતા.પકડાયેલા આરોપીઓની ઓળખ પરેશ ઉર્ફે ગગુ સુરેશભાઈ દંતાણી (૨૧ વર્ષ) અને શૈલેષ ઉર્ફે કિશન કનુભાઈ રાવત (૨૮ વર્ષ), બંને ગણેશનગરના રહેવાસી, તરીકે થઈ છે, જ્યારે ત્રીજો સભ્ય કાયદાના સંઘર્ષમાં આવેલો સગીર છે.

પોલીસે તેમની પાસેથી રૂ.૯.૫૭ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના, રૂ.૧.૧૮ લાખ રોકડા અને રૂ.૨૫,૦૦૦ ની કિંમતની ઓટોરિક્ષા સહિત કુલ રૂ.૧૧.૦૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તપાસમાં બહાર આવ્યું છે કે પરેશ અને શૈલેષ બંને રીઢા ગુનેગાર છે.